

# જાગૃતિ સંદેશ

JAGRUTI SANDESH

Price : 5/-
Total Page : 32

Vol 16 Issue No. 11 - Mumbai NOVEMBER 2016

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર




મા-બાપની એક આંખમાં હર્ષના આંસુ અને બીજીમાં વિયોગના...

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બૉર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા

આયોજીત

૨૨મા સમુહ લગ્નમાં સામેલ થનાર

૨૦ નવયુગલ દંપતિઓને

જૈન જાગૃતિ સેન્ટર નૉર્થ ઈસ્ટ-ઘાટકોપરના

પદાધિકારીઓ તથા

સર્વે સભ્યોની હાર્દિક શુભેચ્છાઓ...

## શુભેચ્છકો

Nitin M. Sanghavi - President
Ramesh P. Mehta - Vice President
Jairaj T. Devani - Vice President
Ramesh J. Morabia - Secretary
Jayendra U. Bheda - Secretary
Hitesh A. Bheda - Secretary
Vijay C. Shah - Jt. Secretary
Nishith S. Shah - Treasurer
Rajesh K. Gohel - Jt. Treasurer
Hiten M. Fofaria - Com. Member

Advt.

## જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

### જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી ચંદ્રકાંત એફ. શાહ**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



**કેબિનેટ કમિટી**

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી રમેશભાઈ જે. મોરબિયા |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી પ્રવીણ એ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી કિશોર એસ. શેઠ |
| સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી અનિલ જી. દોશી |
| | શ્રી વિજય એચ. મહેતા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી રમેશ એમ. સંઘવી |
| ખજાનચી | : શ્રી રાજેશ સી. ગાંધી |
| | શ્રી રાજેશ આર. ભણસાલી |
| તંત્રી | : શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

**જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી**

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | : શ્રી અમિત બી. કોઠારી |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી પ્રવીણ જી. શાહ | શ્રી કમલેશ સી. શાહ |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી રાજેશ આર. ભણસાલી | શ્રી રાજેશ સી. ગાંધી |
| શ્રી ધર્મેશ એસ. જૈન | શ્રી રાહુલ એમ. ટિંબડિયા |
| શ્રી અનિલ જી. દોશી | શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

**: ઈન્વાયટી :**

| | |
|---|---|
| શ્રી દિનેશ વી. શાહ | શ્રી કિરણ એચ. શાહ |

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


**છૂટક મૂલ્ય રૂ.૫/-** **વાર્ષિક લવાજમ રૂ.૫૦/-**

## Message From The CHAIRMAN.....



**મારા સ્નેહાળ મિત્રો, ભાઈઓ તથા બહેનો - બાળકો,**

જય જિનેન્દ્ર,

મારી પ્રથમ ટર્મનું એક વર્ષ પૂરું થવાને આરે છે. નવેમ્બર મહિનો પૂર્ણ થવાને આરે છે અને ડિસેમ્બર મહિનો સડસડાટ પસાર થઈ જશે. વર્ષની ક્રીમ સિઝન ઠંડીની રાહ જોઈએ છીએ. અનેકવિધ પ્રવૃત્તિ કરી રહેલ જેજેસીની પ્રવૃત્તિમાં ક્યારેય સુસ્તી પ્રવેશતી જ નથી. દિવાળી પતે એટલે વિવિધ પ્રવૃત્તિઓથી સમગ્ર જૈન જાગૃતિ સેન્ટરો વિવિધ પ્રોજેક્ટથી ધમધમી ઉઠે છે. ડિસેમ્બર મહિનો એટલે સમૂહલગ્નનો મહિનો. તા. ૩-૧૨-૨૦૧૬ ડિસેમ્બરના રોજ જેજેસી-સેન્ટ્રલ બોર્ડ આયોજિત સમૂહલગ્ન નિરધાર્યા છે. સમૂહલગ્ન જેજેસીનો ગૌરવવંતો પ્રસંગ છે. મુંબઈનાં બધાં જ સેન્ટરનો આ સહિયારો પ્રસંગ છે. દરેક સેન્ટરની કારોબારી કમિટી આમાં ઉત્સાહપૂર્વક તન-મન-ધનથી ભાગ લે છે. સમૂહલગ્નના પ્રેરક દાતા થવાનો લાભ લેવા સેન્ટરો પ્રતિક્ષા કરતા હોય છે. દરેક સેન્ટર અને કારોબારી સભ્યોનો આર્થિક સહયોગ પણ મળે છે. હું આ તબક્કે દરેક સેન્ટર અને કારોબારી સભ્યોનો તન-મન-ધનથી સહયોગ આપવા બદલ આભાર માનું છું. છેલ્લાં કેટલાંક વર્ષોથી નિયમન કરવા આપણે સમૂહલગ્ન દ્વારા ૨૧ દંપતીઓનાં લગ્ન કરીએ છીએ. અંદાજિત દરેક વર્ષે જૂન મહિનામાં રસ ધરાવતા વાલીઓ પાસેથી ફૉર્મ સ્વીકારીએ છીએ. ફક્ત એક મહિનામાં ૨૧ કપલ બુક થઈ જાય છે. ત્યાર બાદ વેઈટિંગ લિસ્ટમાં પણ થોડાં નામ આવે છે.

જૈન સમાજમાં સમૂહલગ્નના આયોજનમાં જેજેસીનું નામ મોખરાનું ગણાય છે. દરેક વર્ષે લગ્નસમારંભ પછી ભાગ લેનાર વાલીઓ કબૂલ કરે છે કે અમે જો કદાચ અમારી રીતે લગ્ન કર્યાં હોત તોપણ આવી ભવ્યતાથી પ્રસંગ ઊજવાયો ન હોત! વર્ષ ૨૦૧૭માં યોજાનારા સમૂહલગ્નના પ્રેરક દાતાના નામ અત્યારથી આવી ગયા છે જે જેજેસી માટે એક અજોડ સિદ્ધિ ગણાય! ગૌરવ કહેવાય. જ્યારે બીજી ઘણીબધી સંસ્થાઓના સમૂહલગ્ન પ્રોજેક્ટ લગ્નઈચ્છુકોના અભાવે બંધ થતા જાય છે ત્યારે જેજેસીના સમૂહલગ્ન પ્રોજેક્ટ તેની અદ્‌ભુત વ્યવસ્થાને લીધે ઊભરી આવે છે.

ગુડસ એન્ડ સર્વિસ ટેક્સ (GST) ના પડઘમ બજારોમાં વાગી રહ્યા છે, વેપારી વર્ગ દિવાળીની રજાઓમાં છે. આજે સોમવારે અડધા બજારો ખુલશે પરંતુ જીએસટીની સમજ મેળવવા વેપારીઓ પ્રયાસ કરી રહ્યા છે તેમજ જીએસટીથી તેમને સીધો કે આડકતરો કેવો લાભ થશે તે પણ ચર્ચી રહ્યા છે. જીએસટી એ આજની તારીખનો મુદ્દો નથી પણ છેલ્લા ઘણા વર્ષોથી ચર્ચાઈ રહ્યો છે. મનમોહન સિંહની સરકારે જે મુદ્દો કન્સીવ કર્યો હતો તેની ડીલીવરી મોદી સરકાર કરી રહી છે. કોંગ્રેસની ખાસ કરીને

રાહુલ ગાંધીની કમનસીબી એ છે કે તેમની પીન એક મુદ્દે ચોંટી જાય પછી ત્યાંથી શીફ્ટ્ થતા તેમને વાર લાગે છે. જીએસટી મહત્વનું છે કે એક નિવૃત્ત લશ્કરી અધિકારીના પેન્શનની સમસ્યા? છેલ્લા થોડા સમયથી રાહુલ ગાંધી લશ્કરના નિવૃત્ત અધિકારીઓનો મુદ્દો આગળ ધરીને કેન્દ્ર સરકાર સામે જંગે ચઢ્યા છે પરંતુ દેશના લાખો વેપારીઓને સ્પર્શતો મુદ્દો તો જીએસટીનો છે.

ભારતમાં તા. ૮.૧૦.૨૦૧૬ના દિવસે એ જ ચર્ચાયું હતું કે અમેરિકામાં કોણ જીતશે? ટ્રમ્પ કે હિલેરી?' ભૂતકાળમાં ભારત આવી ચૂકેલા હિલેરી પર ભારતના ઘણા લોકોની કૂણી લાગણી હતી. ભારતની પસંદ હિલેરી હતા પણ બિઝનેસમેન ટ્રમ્પ ભારતના વડાપ્રધાન મોદીની પ્રશંસા કરતા હતા. અમેરિકાના ૪૫મા પ્રમુખ પદે ટ્રમ્પ ચૂંટાયા ત્યારે ભારતમાં રૂા. ૫૦૦ અને ૧૦૦૦ની બંધ કરાયેલી નોટો અંગે વિવાદ ચાલતો હતો.

મંગળવાર, તા. ૮.૧૦.૨૦૧૬ની રાત્રે જ્યારે ભારતનું આર્થિક તંત્ર ખળભળી ઉઠે એવા નિર્ણયો લેવાયા ત્યારે અમેરિકામાં વોટ ગણાતા હતા. કોમ જાણે કેમ પણ લોકોને રોજીંદા જીવનની ઘટમાળામાં કોઈ નાનો સરખો પણ અવરોધ નથી ગમતો. રૂા. ૫૦૦-૧૦૦૦ની નોટો તો આર્થિક તંત્રના માર્ગ પર મોટા બમ્પ સમાન છે. એક સમયે તે સડસડાટ ચાલતી હતી આજે તેને હાથમાં પકડવા કોઈ તૈયાર નથી.

નાણા મંત્રાલયે ખૂબ ગણત્રી સાથે કદમ લીધા છે. સૌ પહેલાં રિઝર્વ બેન્કના ગવર્નર રઘુરામ રાજનને પાણીચું આપ્યું જેથી કોઈ અંદરની વાત કોંગ્રેસ પક્ષ સુધી કે અન્ય કોઈ સુધી પહોંચે નહીં.

ત્યારબાદ કાળુ નાણુ બહાર પાડવાની સ્વૈચ્છિક સ્કીમ બહાર પાડી હતી. જેના કારણે ઉચ્ચ મધ્યમવર્ગ પોતાના નાણાને 'વ્હાઈટ'માં ફેરવી શકે. આ સ્કીમની અસર બે નંબરીયાઓ અને પૈસાદાર વર્ગ પર થઈ નહોતી. ત્રાસવાદ સાથે સંકળાયેલા સ્લીપર યુનિટો પાસે કરોડો રૂપિયા રોકડા પડ્યા છે. આવા છૂપા નાણાને 'પસ્તી'માં ફેરવવા સિવાય કોઈ રસ્તો નહોતો.

સરકારે પ્લાન પ્રમાણે ત્રીજું પગલું રૂા. ૫૦૦ અને ૧૦૦૦ની નોટો બંધ કરવાનું પગલું લીધું હતું. સરકારે બે નંબરીયાઓને એવી રીતે અંધારામાં રાખ્યા હતા કે સ્વૈચ્છિક નાણા જાહેર નહીં કરાય પછી દરોડાનો દોર શરૂ થશે. લોકોને એમ હતું કે દરોડાને પહોંચી વળાશે. જેમણે બે નંબરનું નાણું કોથળામાં ભરી રાખ્યું છે તેમના માટે ચિંતાનો વિષય નહોતો.

જોકે આજથી રૂા. ૫૦૦ અને ૧૦૦૦ સિવાયની કોઈ ચર્ચા થવાની નથી. ખોટી નોટો ફેરાવનારા અને ઘૂસાડનારા બંને પોક મુકીને રડવાના છે. ત્રાસવાદી સંગઠનોનું આર્થિક પીઠબળ તોડી નાખતો આ નિર્ણય એટલો સિક્રેટ રીતે લેવાયો કે કોઈને તેની ગંધ પણ ના આવી!!

રાજ્યસભાના સંસદ સભ્ય સુબ્રમણ્યમ સ્વામી બે મુદ્દે સાચા પડ્યા છે. રઘુરામ રાજનને કાઢવા જોઈએ એ મુદ્દો સૌથી પહેલા તેમણે ઉઠાવ્યો હતો અને રૂા. ૫૦૦-૧૦૦૦ની નોટો પાછી ખેંચવી જોઈએ એવી ચંદ્રાબાબુ નાયડૂની સલાહને ટેકો પણ તેમણે જ આપ્યો હતો. જો કે આ ગણગણાટ હકીકતમાં ફેરવાઈ જશે તે કોઈએ કલ્પ્યું પણ નહોતું. વડાપ્રધાને ફરી એકવાર સાબિત કરી આપ્યું છે કે તેમને ઓળખવા માત્ર અઘરા નથી પણ અશક્ય છે.

મોદી સરકારે કાળાબજારીયાઓ, બે નંબરીયાઓ અને ત્રાસવાદને મદદ કરતાં તત્વોની ફેંટ પકડી છે. તેમના ઘરોમાં દટાયેલો રૂા. ૫૦૦, ૧૦૦૦ની ચલણી નોટોના થોકડાને 'પસ્તી'માં ફેરવી નાખતો નિર્ણય લીધો છે.

આપણા જેજેસી પરિવારનું જેજેસી-જુહુ બીચ સેન્ટર આ વર્ષ રજતજયંતી વર્ષ તરીકે ઊજવી રહ્યું છે તેમ જ બોરીવલી સેન્ટર તે ૨૦ દંપતિને સમુહલગ્ન કરાવીને વર્ષ ઊજવી રહ્યું છે. બન્ને સેન્ટરના કારોબારી સભ્યો તથા સામાન્ય સભ્યોને આ બદલ શુભેચ્છા પાઠવું છું.

અમોને વિશ્વાસ છે શ્રદ્ધા છે કે અમારો પ્રત્યેક પરિવાર નવા વર્ષની મેમ્બરશીપ ફી ભરીને પોતપોતાના સેન્ટરમાં મોકલીને Continuine કરશે જ. વિશ્વાસે વહાણ સાત સમંદર પાર કરી જાય છે. 'શ્રદ્ધાની તાકાત અજબ ગજબની હોય છે.

દિકરી તો વ્હાલ નો દરિયો અને તુલસીનો ક્યારો હોય છે. દિકરી ક્યારેય ''સાપનો ભારો'' હોઈ જ ન શકે.

મિત્રો, આપણે તો આવા ''વ્હાલના દરિયા''ના સાગરખેડુ છીએ તમારા સૌના અણમોલ સહકારની અપેક્ષા એ જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ પરિવારના ભરોસે આ જાગૃતિ સંદેશની યાત્રા આગળ વધારીએ છીએ. બસ છેલ્લે એક નાનકડી વાત કરી અહીજ વીરમીએ છીએ.

''સંપત્તિ સુખનું સાધન બની શકે છે પરંતુ સુખ મળશે જ તેની ગેરન્ટી નથી મળતી. પરંતુ શ્રદ્ધા અને વિશ્વાસ વહેલો કે મોડો ફળ આપે જ છે તેનો કોઈ પર્યાય હોતો જ નથી.

આ અંક આપના હાથમાં આવશે ત્યારે સેન્ટ્રલ બોર્ડ આયોજિત સમૂહલગ્નની તૈયારી પૂર્ણ થઈ ગઈ હશે. આ અંકમાં સમૂહલગ્ન વિશે પૂરક માહિતી અપાઈ હોવાથી આ અંક લગ્ન વિષયક અંક તરીકે ઓળખાશે.

*લિ. સંજય બી. શાહ*
*ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| ● અમૃતનગર | : | ૧૪-૧૦-૧૬ | 'શરદ ઉત્સવ' - દાંડીયારાસ | ★ |
| | : | ૨૨-૧૦-૧૬ | 'મન મોર બની થનગનાટ કરે' - | ★ |
| ● બોરીવલી | : | ૧-૧૦-૧૬ થી<br>૧૨-૧૦-૧૬ | 'નવરાત્રી' | ◈ |
| | : | ૨૦-૧૦-૧૬ | 'કર્મનું કુરુક્ષેત્ર' - નાટક | ★ |
| ● ચેમ્બુર | : | ૧૬-૧૦-૧૬ | 'દાંડિયા રાસ ગરબા' - | ◈ |
| | : | ૧૬-૧૦-૧૬ | 'શત્રુંજય મહાતીર્થની ભાવયાત્રા' - | ★ |
| | : | ૧૭-૧૦-૧૬ | 'મનીષ જોષી (M.J.)' - ઑર્કેસ્ટ્રા | ★ |
| ● દહીંસર | : | ૦૧-૧૦-૧૬ થી<br>૧૨-૧૦-૧૬ | 'નવરાત્રી' - | ◈ |
| ● દહીંસર (લેડીઝ વીંગ) | : | ૦૧-૧૦-૧૬ થી<br>૧૨-૧૦-૧૬ | 'નવરાત્રી' - | ◈ |
| ● જેજેસી-જુહુ | : | ૦૧-૧૦-૧૬ | 'રાસ જલસા(સીઝન પાસ)' - નવરાત્રી | ◈ |
| | : | ૦૪-૧૦-૧૬ | રાસ ગરબા - | ★ |
| | : | ૦૪-૧૦-૧૬ | 'એમ. એસ. ધોની' - ફિલ્મ | ◈ |
| | : | ૧૯-૧૦-૧૬ | 'નસનસમા ખુન્નસ' - નાટક | ★ |
| | : | ૨૬-૧૦-૧૬ | 'Once Upon a time in Gujarat' - ઑર્કેસ્ટ્રા | ◈ |
| ● જુહુ બીચ | : | ૦૧-૧૦-૧૬થી<br>૧૧-૧૦-૧૬ | નવરાત્રી -રાસ ગરબા' - | ◈ |
| | : | ૨૪-૧૦-૧૬ | 'રેડી સ્ટેડી ગો' - નાટક | ★ |
| ● કાંદિવલી | : | ૧૭-૧૦-૧૬ | 'Virtual Band' - ઑર્કેસ્ટ્રા | ★ |
| ● મલાડ | : | ૨૬-૧૦-૧૬ | 'જોક સમ્રાટ' - નાટક | ◈ |
| ● મુંબઈ | : | ૧૦-૧૦-૧૬ | 'દાંડિયા રાસ' - ગરબા | ★ |
| | : | ૧૮-૧૦-૧૬ | 'નસ નસમાં ખુન્નસ' - નાટક | ◈ |
| | : | ૨૨-૧૦-૧૬ | 'શોધ પ્રતિશોધ' - નાટક | ★ |
| ● મુલુંડ | : | ૨૨-૧૦-૧૬ | 'સ્નેહ મિલન' - | ★ |
| | : | ૨૬-૧૦-૧૬ | 'જીના ઈસીકા નામ હૈ' - ઑર્કેસ્ટ્રા | ★ |

| | | | |
|---|---|---|---|
| ● નૉર્થ ઈસ્ટ | : ૧૧-૧૦-૧૬ | ‘દશેરા’ - | ✦ |
| | : ૧૬-૧૦-૧૬ | ‘શરદપૂનમ’ વીજુ શાહ - દાંડિયા રાસ | ◈ |
| | : ૨૩-૧૦-૧૬ | ‘કાજલ ઓઝાનું સ્પીચ’ - | ✦ |
| | : ૨૩-૧૦-૧૬ | ‘શોધ-પ્રતિશોધ’ - નાટક | ◈ |
| ● નૉર્થ વેસ્ટ | : ૨૫-૧૦-૧૬ | ‘શોધ પ્રતિશોધ’ - નાટક | ★ |
| ● પાટણ | : ૦૨-૧૦-૧૬ | ‘નવરાત્રી’ - | ★ |
| ● પેડર રોડ | : ૦૧-૧૦-૧૬ | ‘રેડી સ્ટેડી ગો’ - નાટક | ◈ |
| | : ૦૨-૧૦-૧૬ | ‘દાંડીયા રાસ’ - ગરબા | ◈ |
| | : ૧૧-૧૦-૧૬ | ‘દશેરા ઉજવણી’ - | ★ |
| ● રજવાડી | : ૦૧-૧૦-૧૬ | ‘નવરાત્રી’ - દાંડિયા રાસ | ◈ |
| | : ૦૪-૧૦-૧૬ | ‘એમ. એસ. ધોની’ - ફિલ્મ | ◈ |
| | : ૧૪/૧૫-૧૦-૧૬ | ‘શરદ ઉત્સવ’ - નૈતિક નાગડા અને એમ.જે. | ◈ |
| | : ૧૮-૧૦-૧૬ | ‘સુફી નાઈટ’ - ભાવિન શાસ્ત્રી | ◈ |
| ● રૉયલ જગડુશા | : ૨૪-૧૦-૧૬ | ‘શોધ-પ્રતિશોધ’ - નાટક | ◈ |
| ● સાયન માટુંગા | : ૦૯-૧૦-૧૬ | ‘શોધ પ્રતિશોધ’ - નાટક | ◈ |
| | : ૧૦-૧૦-૧૬ | ‘ધમાલ દાંડિયા’ - ગરબા રમઝટ | ★ |
| | : ૧૮-૧૦-૧૬ | ‘તમે આવશો તો ગમશે’ - નાટક | ◈ |
| ● સૂર્યપૂર (સુરત) | : ૧૭-૧૦-૧૬ | ‘રાસ ગરબા-દાંડિયા રાસ’ - | ★ |
| ● શિવાજી પાર્ક | : ૦૭-૧૦-૧૬ | ‘પાલીતાણા યાત્રા’ - પ્રવાસ | ★ |
| | : ૧૧-૧૦-૧૬ | ‘દશેરા ઉજવણી’ - | ★ |
| | : ૧૬-૧૦-૧૬ | ‘શરદ પૂનમ’ - | ★ |
| ● વસઈ | : ૧૨-૧૦-૧૬ | ‘નવરાત્રી’ - | ◈ |
| | : ૨૨-૧૦-૧૬ | ‘પપ્પા વન્સ મૉર’ - નાટક | ◈ |
| ● વાપી | : ૧૫-૧૦-૧૬ | ‘અમે Darling એકબીજાના’ - નાટક | ◈ |
| ● વિલે પાર્લે | : ૦૨-૧૦-૧૬ | ‘એમ.એસ. ધોની’ - ફિલ્મ | ◈ |
| | : ૨૭-૧૦-૧૬ | ‘દિવાળી ધમાલ’ - રાસગરબાની રમઝટ | ★ |
| ● ઊપલેટા | : ૦૧-૧૦-૧૬ | ‘અર્વાચીન રાસોત્સવની રઢિયાળી રાત’ - દાંડીયારાસ | ★ |
| | : ૧૪-૧૦-૧૬ | ‘મ્યુઝીકલ પાર્ટી’ - ઑર્કેસ્ટ્રા | ★ |

સંજ્ઞા : જમણ સાથે ★ જમણ વિના ◈ નાસ્તો ✦

**દરેક સેન્ટરના પ્રમુખ તથા સેક્રેટરીને આથી જાણ કરવામાં આવે છે કે દરેક કાર્યક્રમ પત્યા પછી તુરંત જ સર્ક્યુલર તથા ઈ-મેઈલ સેન્ટ્રલ બૉર્ડની ઑફિસમાં પહોંચાડવામાં આવશે તો જ ત્યાર પછીના ઈસ્યૂમાં છાપવામાં આવશે.**

# જેજેસી સેન્ટ્રલ બોર્ડ

## જૈન જાગૃતી સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

આયોજીત

## માતુશ્રી તારાબેન ચુનીલાલ હિરાચંદ મોદી

પ્રેરીત

# ૨૨મો
# સમુહ લગ્નોત્સવ

**શનિવાર, તા. ૦૩.૧૨.૨૦૧૬**

આયોજનના શુભેચ્છકો

પ્રીતી ભોજનના સહયોગી : માતુશ્રી મંજુલાબેન શાંતીલાલ મોટાણી
કરીયાવરના સહયોગી : અ.સૌ. રીટાબેન કિરીટભાઈ મગીયા
હસ્તે : અ.સૌ. કિરણબેન અમીતભાઈ મગીયા
સજાવટના સહયોગી : માતુશ્રી મંજુલાબેન શાંતીલાલ મોટાણી
અતિથી વિશેષ : જેજેસી કાંદિવલી

## ૨૨મા સમૂહલગ્ન સમારોહ પ્રસંગે યુવા બેલડીઓને જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ તરફથી અપાતી ભેટની યાદી

## શુભલગ્ન શનિવાર, તા. ૩-૧૨-૨૦૧૬

### સોના ચાંદીની આઇટમો

| | | |
|---|---|---|
| ૧. | મંગળસૂત્ર | ૧ |
| ૨. | કંકાવટી | ૧ |
| | નવકારવાળી | ૧ |

### કપડાની આઇટમો

| | | |
|---|---|---|
| ૧. | ઘરચોળુ | ૧ |
| ૨. | પાનેતર | ૧ |
| ૩. | સેલું | ૧ |
| ૪. | સાડી સેટ | ૨ |
| ૫. | જેન્ટ્સ-લેડીઝ ટુવાલ | ૨ |
| ૬. | જેન્ટસ હાથ રૂમાલ | ૬ |
| ૭. | લેડીઝ હાથ રૂમાલ | ૬ |
| ૮. | હાથ લુછવાના નેપકિન | ૨ |
| ૯. | બેડશીટ | ૧ |
| ૧૦. | ગરમ શાલ | ૧ |

### સ્ટીલની આઇટમો

| | | |
|---|---|---|
| ૧. | મા માટલાની સ્ટીલની કોઠી | ૧ |
| ૨. | મોટી બાલદી (સ્ટીલ) | ૧ |
| ૩. | ડીનર સેટ (૬ થાળી,૧૨ વાટકી) ૬ગ્લાસ,૧૨ચમચી, ૬હલવા પ્લેટ | |
| ૪. | ટોપ-છીબા(પાંચનો સેટ) | ૧૦ |
| ૫. | સાકરનો ડબ્બો | ૧ |
| ૬. | ચા-પત્તી માટેનો ડબ્બો | ૧ |
| ૭. | ગોળ માટેનો ડબ્બો | ૧ |
| ૮. | મસાલા માટેનો ડબ્બો(૭ વાટકી) | |
| ૯. | અથાણા માટેનો ડબ્બો(૪ વાટકી) | |
| ૧૦. | પાપડ રાખવા માટેનો ડબ્બો | ૧ |
| ૧૧. | થેપલા માટેનો સ્ટીલનો ડબ્બો | ૧ |
| ૧૨. | તેલ માટેની બરણી | ૧ |
| ૧૩. | (ધુત)ઘી માટેની કૂપડી | ૧ |
| ૧૪. | સ્ટીલનો ત્રાસ | ૧ |
| ૧૫. | લૂવો (લોયો) | ૧ |
| ૧૬. | ખમણી | ૧ |
| ૧૭. | ઝારો (તળવા માટે) | ૧ |
| ૧૮. | સાણસી (પક્કડ) | ૧ |
| ૧૯. | તવેથો | ૧ |
| ૨૦. | ભાતિયો | ૧ |
| ૨૧. | છાશની માટે જેરણી | ૧ |
| ૨૨. | છાશનો ડોચો | ૧ |
| ૨૩. | દાળ માટેનો ચમચો | ૧ |
| ૨૪. | ચાની ગરણી | ૧ |
| ૨૫. | શાક માટેનો ચમચો | ૧ |
| ૨૬. | ચિપીયો | ૧ |
| ૨૭. | પોઆ માટે ઝારો | ૧ |
| ૨૮. | છાશ માટેની લોટી | ૧ |
| ૨૯. | સ્ટીલની બરણી | ૧ |
| ૩૦. | ચમચા પટ્ટી | ૧ |
| ૩૧. | ચમચી રાખવાનું સ્ટેંડ | ૧ |
| ૩૨. | દિવી | |
| ૩૩. | લોટો | |
| ૩૪. | પાણીનો ડોચો | |
| ૩૫. | ચીઝ ખમણી | ૧ |
| ૩૬. | પીલર | ૧ |
| ૩૭. | કોપર બ્રાસની કઢાઇ | ૧ |
| ૩૮. | સ્ટીલનું ટિફીન | ૧ |
| ૩૯. | ચકલો (રોટલી વણવા માટે) | ૧ |
| ૪૦. | હરવારો | ૪ |
| ૪૧. | મુખવાસની ડબ્બી-૨ સેટ | ૧ |
| ૪૨. | માખન છરી | ૧ |

| | | |
|---|---|---|
| ૪૩ | પાણીનો જગ | ૧ |
| ૪૪. | ઇટલી,ઢોકલા,હાંડવાનો કુકર | ૧ |

### અન્ય આઇટમો

| | | |
|---|---|---|
| ૧. | બ્રેડ ટોસ્ટર | ૧ |
| ૩. | ઢોસા માટેનો તવો | ૧ |
| ૩. | વેલણ | ૨ |
| ૪. | કેશરોલ | ૧ |
| ૫. | પ્રેશર કુકર | ૧ |
| ૬. | ઇસ્ત્રી | ૧ |
| ૭. | બ્લેન્ડર | ૧ |
| ૮. | વોટર ફિલ્ટર | |
| ૯. | મિક્ષર | ૧ |
| ૧૦. | વોલ ક્લોક | ૧ |
| ૧૧. | સૂટકેસ | ૧ |

### લેડીઝ મેકઅપ માટેની આઇટમો

| | | |
|---|---|---|
| ૧. | અરીસો | ૧ |
| ૨. | દાતિયો સેટ (જેન્ટસ-લેડીઝ) | ૫ |
| ૩. | મેકઅપ બોક્સ | ૧ |
| ૪. | પાઉડરનો ડબ્બો | ૧ |
| ૫. | નેઇલ પોલીશ | ૩ |
| ૬. | લિપસ્ટિક | ૩ |
| ૭. | નેઇલ પોલીશ રીમુવર | ૧ |
| ૮. | કાજલ સ્ટીક | ૧ |
| ૯. | ચાંદલાના પેકેટ | ૩ |
| ૧૦. | પરફ્યુમ બોટલ | ૧ |

### લગ્ન માટેની સામગ્રી

| | | |
|---|---|---|
| ૧. | બાજોઠ | ૧ |
| ૨. | સૂપડૂ | ૧ |
| ૩. | મીંઢોળ | ૧ |
| ૪. | રાગણ દીવડા | ૧ |
| ૫. | વરમાળા | ૨ |
| ૬. | કળશ | ૧ |
| ૭. | માણેક સ્તંભ | ૧ |
| ૮. | સોપારી (શણગારેલી) | ૨ |
| ૯. | પોંખણા | ૨ |
| ૧૦. | મોડિયા | ૪ |
| ૧૧. | મા-માટલાના લાડવા | |

---

૧. કન્યા પક્ષે લગ્નના દિવસે બપોરના ૩.૦૦ વાગે લગ્નના સ્થળે પહોંચી જવું.

૨. મા-માટલાના લાડવા લગ્નના દિવસે સ્થળ ઉપર જ આપવામાં આવશે.

૩. **વર પક્ષે લાવવાની સામગ્રી**
ખેસ, ચૂંદડી, મોઢ, લગ્નની પડી, પસનૂં શ્રીફળ, લીલો સાટીનનો ટુકડો અડધો મીટર, ૧/૨ કિલો મિક્સ મિઠાઇ, વરરાજાનો હાર પહેરાવીને લાવવા

૪. **કન્યા પક્ષે લાવવાની સામગ્રી**
ખેસ, ચૂંદડી, મોઢ, પસનું શ્રીફળ, ગાગર, બેડિયું, મોતીની ઇંઢોણી, કન્યાને હાર પહેરાવીને લાવવી

**બન્ને પક્ષે લાવેલ વસ્તુની જાણ મહારાજને કરવી.**

૫. કરિયાવર શનિવાર, તા. ૧૯.૧૧.૨૦૧૬, સવારે ૯.૩૦ કલાકે નીચે જણાવેલ સ્થળેથી આપવામાં આવશે.
નવીનભાઇ ઠક્કર હોલ, શ્રદ્ધાનંદ રોડ, વિલેપાર્લે (ઇ), મુંબઇ - ૪૦૦ ૦૫૭.

૨૨ માં સમૂહ લગ્નમાં ભાગ લેનાર ૨૦ બેલડીઓને ૧૬૫ સેન્ટરના ૬૫,૦૦૦ સભ્યો વતી અંતરની શુભેચ્છા.

લિ.
**જેજેસી-સેન્ટ્રલ બોર્ડ**
**જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ**
**પદાધિકારીઓ, ટ્રસ્ટીઓ તથા કાર્યવાહક**
**કમીટીના જય જિનેન્દ્ર**

# ॥ સપ્તપદી ॥

■ શ્રી હરિભાઈ કોઠારી, મુલુંડ

લગ્ન એ આજીવન સાથે રહેવાનું વ્રત છે, દીક્ષા છે અને સપ્તપદી એ ચિરસહવાસની પ્રતિજ્ઞાનું પ્રતીક છે. આજે જ્યારે વ્યક્તિસ્વાતંત્ર્યનો પવન ચોમેર ફૂંકાવા લાગ્યો છે અને ઠેર ઠેર સ્ત્રીને પુરુષ-સમોવડી બનાવવાનાં બણગાં ફૂંકાય છે ત્યારે તો સપ્તપદીમાંની વધૂની પ્રતિજ્ઞાઓ વિશેષરૂપે સમજવા જેવી લાગે છે. સ્ત્રી પુરુષ બને, એમાં એનો વિકાસ નહીં, પરંતુ અધઃપતન છે. સ્ત્રી પણ પુરુષની માફક અર્થોપાર્જન કરી શકે એમ કહીને કેટલાક ચાલાક લોકોએ પુરુષોની કમાવાની એકમાત્ર જવાબદારીનો બોજો પણ બીજી અનેક જવાબદારીઓથી લદાયેલી સ્ત્રી પર નાખી દીધો. પુરુષોની સ્ત્રીસમાનતાની મધુર ભાષાની પાછળ રહેલી આ ચાલાકી કે લુચ્ચાઈને ભોળી સ્ત્રી સમજી શકી નહીં અને દિવસભર ઘરમાં તેમ જ બહાર યંત્રવત્ દોડવા લાગી. પરિણામે સંસારમાંનું કાવ્ય ખલાસ થયું. જીવન એ મજા ન લાગતાં સજા બની ગયું.

**સ્ત્રીને આર્થિક સ્વાતંત્ર્ય સાંપડતાં તે થોડી વધુ અહંકારી અને ભોગવાદી બનવા લાગી. તેના જીવનમાં રહેલો સમર્પણભાવ સુકાવા લાગ્યો. પરિણામે સમાજમાં છૂટાછેડાના કિસ્સાઓ વધવા લાગ્યા.** સ્ત્રી એ પુરુષ કરતાં વધારે ધાર્મિક અને શ્રદ્ધાળુ છે એ વર્ષોથી ગ્રહિત પકડેલી આપણી સમજણ ખોટી સાબિત થઈ. આજે થોડું શિક્ષણ પામતાં અને આર્થિક સ્વાતંત્ર્ય સાંપડતાં આધુનિક સ્ત્રી વધુ ને વધુ ભોગવાદી અને ઓછી ને ઓછી ધાર્મિક થતી જાય છે, એવું વિચારશીલ અને સુજ્ઞ સમાજશાસ્ત્રીઓનું કહેવું છે.

'न स्त्री स्वातंत्र्यमर्हति।' એ વાક્ય મનુએ આર્થિક સ્વાતંત્ર્યને ઉદ્દેશીને લખ્યું છે, પરંતુ પૂર્વાપર સંબંધ સમજ્યા વગર કેટલાય ઉતાવળિયા લોકોએ તેના પર નિરર્થક પ્રહારો કર્યા છે. સ્ત્રી અર્થોપાર્જન ન કરે અને છતાંય તેને પારતંત્ર્ય સાલે નહીં એવી સુંદર વ્યવસ્થા આપણા શાસ્ત્રકારોએ કરી હતી. પુરુષ વિત્ત કમાવે અને કમાવેલું બધું જ વિત્ત સ્ત્રીના હાથમાં આપી દે. વિત્તની વ્યવસ્થા સંપૂર્ણ રીતે સ્ત્રીના હાથમાં રહે, પુરુષ પણ પોતાને જોઈતા પૈસા સ્ત્રી પાસેથી માગી લે. આમાં સ્ત્રીનું ગૌરવ જળવાતું અને પુરુષ પણ યથેચ્છ પૈસો ન વાપરી શકવાથી સ્વૈરાચારથી અટકતો. સ્ત્રી એ ગૃહની સમ્રાજ્ઞી ગણાતી, ઘર સ્ત્રીનું ગણાતું અને પોતાની પ્રેમશક્તિથી તે ઘરને સ્વર્ગ બનાવતી.

**આજના કાળમાં લગ્નપ્રસંગનું ગાંભીર્ય ચાલ્યું ગયું છે. વિવાહ એ સંસ્કાર ન રહેતાં સમારંભ બની ગયો છે. તેમાં મંત્રશ્રવણને બદલે મહેમાનોની સરભરાને વધુ મહત્ત્વની ગણવામાં આવે છે, પાવિત્ર્ય કરતાં પ્રદર્શનનું વધારે મૂલ્ય આંકવામાં આવે છે. ચલચિત્રોનાં અશ્લીલ ગીતોનો ઘોંઘાટ ચારિત્ર્યસૃજનના ભાવમંત્રોને અશ્રાવ્ય બનાવી દે છે.**

દામ્પત્યજીવન સ્નેહમય બનાવવા શાસ્ત્રકારોએ વર-વધૂને માટે પરસ્પર પાળવાના કેટલાક નિયમો દર્શાવ્યા છે. સપ્ત અચલોનું પૂજન કરી બંને જણા દૃઢ નિયમ પરિપાલન દ્વારા પોતાનું સહજીવન સુખમય બનાવવા પ્રતિજ્ઞાઓ કરે છે, જેને સપ્તપદી કહેવાય છે.

સપ્તપદીનું વિવાહસંસ્કારમાં વિશેષ મહત્ત્વ છે. સપ્તપદી થયા પછી વિવાહ પૂર્ણ થયેલો ગણાય છે. મનુ આદિ સ્મૃતિઓનાં વચન છે કે –

नोदकेन न वा वाचा कन्यायाः पतिरिष्यते।
पाणिग्रहण संस्कारात् पतित्वं सप्तमे पदे।।

અર્થાત્ – વાગ્દાન કે સંકલ્પ દ્વારા કન્યાદાન લેવા માત્રથી જ પુરુષ પતિ થઈ શકતો નથી, પણ પાણિગ્રહણ સંસ્કાર, વિવાહકર્મ, અગ્નિપરિક્રમણ થયા પછી સપ્તપદી એટલે સાત પગલાંની મૈત્રીવિષયક પ્રતિજ્ઞાઓ થાય ત્યારે પુરુષનું પતિપણું સિદ્ધ થાય છે.

ભગવાન પાણિનિનાં 'साप्तपदीनंसख्यम्' સૂત્ર તથા 'सतांसप्तपदी मैत्री' આદિ વચનોથી સિદ્ધ થાય છે કે સાત પગલાં સાથે ચાલવાથી મૈત્રી થાય છે. મિત્ર તરીકે સ્વીકાર કર્યા પછી મિત્રધર્મ અનુસાર એક મિત્ર બીજા મિત્રને પાપ-દોષ, દુર્ગુણોથી મુક્ત કરે છે, હિતના માર્ગે તેને પ્રવૃત્ત કરે છે, તેના દોષોને ઢાંકે છે અને તેના ગુણોની પ્રશંસા કરે છે. આપત્તિના સમયમાં ત્યાગ કરતો નથી તે જ સાચો મિત્ર છે.

દામ્પત્યમાં પણ પરસ્પર ત્યાગભાવનાયુક્ત આવો નિષ્ઠાવાન મૈત્રીભાવ અનિવાર્ય છે. આ મૈત્રીભાવ પ્રાપ્ત થવા માટે વિવાહસંસ્કારમાં સપ્તપદી સમયે સપ્ત અચલોનું પૂજન કરવાનું હોય છે. તેનો હેતુ એ છે કે, જે પ્રમાણે આ સાત અચલો (પર્વતો) પોતાના સ્થાનથી ચલાયમાન ન થતાં દૃઢ રહે છે તે પ્રમાણે અમો વર-વધૂ પણ દામ્પત્યજીવનમાં સાત પ્રતિજ્ઞાઓના પરિપાલનમાં ચલાયમાન ન થતાં દૃઢ રહીશું અને અમારો ગૃહસ્થાશ્રમ ઉત્કૃષ્ટ, દૈવી, તેજસ્વી બનાવી ભગવદ્-કાર્ય પરાયણ થઈશું.

**વર પ્રતિજ્ઞા**

ॐ एकमिषे विष्णुस्त्वा नयतु । सा मामनुव्रता भव।१

હે પ્રિયે! તને સર્વ પુરુષાર્થના સાધનભૂત એવા આ મુખ્ય ભૂલોકમાં સૌભાગ્ય તથા ઇચ્છિત ફળની પ્રાપ્તિ થાય અને મારા ઘરમાં અન્ન, વસ્ત્ર, દ્રવ્ય આદિ ઘરની પ્રત્યેક વસ્તુઓ સંભાળવામાં મને મદદ કરવા માટે તું મારા ઘરની અધિકારિણી થા અને મારા મનની શુભ વૃત્તિઓને અનુસરનારી થા. ૧

ॐ द्वे उर्जे विष्णुस्त्वा नयंतु । सा मामनुव्रता भव।।२

હે પ્રિયે! તને ભૂર્લોક અને ભૂવર્લોકમાં બળવતી રહેવા માટે ભગવાન વિષ્ણુ સહાયરૂપ થાઓ, કારણકે તારા બળથી મારા બળમાં વધારો થશે. બળવાન બનેલી તું મને અનુસરનારી થા. ૨

ॐ त्रीणी रायस्पोषाय विष्णुस्त्वा नयतु । सा मामनुव्रता भव।।३

હે પ્રિયે! તું ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્ગલોકના સ્થાનમાં મારા ધનની વૃદ્ધિ અને સંભાળ રાખવા માટે મારા ઘરની અધિકારિણી થા અને મારા મનની શુભ વૃત્તિઓને અનુસરનારી થા. ૩

ॐ चत्वारि मायोभवाय विष्णुस्त्वा नयतु । सा मामनुव्रता भव।।४

હે પ્રાણપ્રિયે! ભૂર્લોક, ભૂવર્લોક, સ્વર્ગલોક અને મહર્લોકમાં મને સુખ પ્રાપ્ત થાય તે માટે મારા ઘરની અધિકારિણી થઈ મારી શુભ મનોવૃત્તિઓને અનુસરનારી થા. ૪

ॐ पंच पशुभ्यो विष्णुस्त्वा नयतु । सा मामनुव्रता भव।।५

હે પ્રિયે! તું ભૂર્લોક, ભૂવર્લોક, સ્વર્ગલોક, મહર્લોક, જનલોક આ પાંચ લોકનાં સ્થાનોમાં ભગવાન વિષ્ણુની કૃપાએ મને સુખ આપનારી થા અને ઘરનાં ગાય, ભેંસ વગેરે ગોરસ આપનાર પશુઓનાં રક્ષણ માટે મારા ઘરની અધિકારિણી થા, તથા મારી શુભકામનાઓ પૂર્ણ કરવામાં મને અનુસરનારી થા. ૫

ॐ षड् ऋतुभ्यो विष्णुस्त्वा नयतु । सा मामनुव्रता भव।।६

હે પ્રિયે! તું ભૂર્લોક, ભૂવર્લોક, સ્વર્ગલોક, મહર્લોક, જનલોક અને તપોલોકનાં સ્થાનમાં તથા વસંત આદિ છ ઋતુઓમાં ભગવાન વિષ્ણુની કૃપાથી મારી સાથે ઉત્તમ સુખ ભોગવનારી તથા મારી શુભકામનાઓ પૂર્ણ કરવામાં મને અનુસરનારી થા. ૬

ॐ राखे सप्तपदा भव, सा मामनुव्रता भव । विष्णुस्त्वा नयतु।।७

હે પ્રિયે! તું ભૂર્લોક, ભૂવર્લોક, સ્વર્ગલોક, મહર્લોક, જનલોક, તપોલોક અને સત્યલોકનાં સુખોની પ્રાપ્તિ માટે પતિવ્રતા ધર્મનું યથાર્થ રીતે પાલન કરી મારી સાથે દિવ્ય ઉત્તમ સુખ ભોગવનારી, ભગવાન વિષ્ણુની કૃપાથી થા.

પતિવ્રતા ધર્મપાલનના બળથી સાવિત્રી વગેરે પતિવ્રતા સ્ત્રીઓ પોતાના પતિને અનેક મહાસંકટોમાંથી બચાવી શકી હતી. જીવન સુખમય બનાવવા માટે પતિવ્રતા સ્ત્રીઓની શુભનિષ્ઠા બહુ જ ઉપકારક થાય છે, તેથી તું પતિવ્રતા રહી મને દૈવી સુખ આપનારી, ભગવાન વિષ્ણુની કૃપાએ થા. ૭

मदीय चित्तानुगतंच चितं सदा मदाज्ञा परिपालनं च।
पतिव्रता धर्मपरायणा त्वं कुर्याः सदा सर्वमिमं प्रयत्नम्।।

મારા ચિત્તને અનુસરનારી તારા ચિત્તની વૃત્તિ રાખ, હંમેશાં મારી આજ્ઞાનું પાલન કર તથા પતિવ્રતા ધર્મનું પાલન કરી આપણું દામ્પત્યજીવન સુખમય બનાવવા પ્રયત્ન કર.

વિવાહસંસ્કારનું પાવિત્ર્ય જળવાવું જોઈએ. સ્ત્રીને માટે તો લગ્ન એ નવા અવતાર સમું છે. નવું જીવન, નવું વાતાવરણ, નવા સંબંધીઓને તેણે આત્મસાત્ કરવાનાં હોય છે, સાત પગલાં સાથે ચાલવાથી મૈત્રી થાય છે એવું શાસ્ત્રવચન છે :

'प्राहुः सप्तपदं मैत्रं बुधाः तत्त्वार्थदर्शिनः'

'સ્નેહ થકી મૈત્રી બંધાતી, ચાલી પગલાં સાત;
સ્નેહશૂન્ય છે સાવ નકામો, જીવનનો સંગાથ!

વિવાહસંસ્કારમાં તેથી જ સપ્તપદીનું આગવું મહત્ત્વ છે. તેમાં કન્યા દરેક પગલે અનુક્રમે નીચે મુજબની સાત પ્રતિજ્ઞાઓ લે છે.

'त्वत्तो मेऽखिलसौभाग्यं पुण्यैस्त्वं विविधैः कृतैः।
देव! संपादितो मह्यं वधूराद्ये पदेऽब्रवीत्।।'

'હે દેવ! મેં જન્માન્તરમાં વિવિધ પ્રકારે કરેલાં પુણ્યના પ્રતાપથી તમારી પ્રાપ્તિરૂપ મારું સૌભાગ્ય મેળવ્યું છે', એમ કન્યા વરને પહેલા પદથી કહે છે.

'कुटुंबं पालयिष्यामि ह्यावृद्धबालकादिकम्।
यथालब्धेन संतुष्टा ब्रूते कन्या द्वितीयके।।'

'હું તમારા બાળકથી તેમ જ વૃદ્ધાવસ્થા સુધીના કુટુંબનું પાલન કરીશ અને મને નિર્વાહાર્થે જે મળશે તેમાં સંતોષ પામીશ,' એમ કન્યા વરને બીજે પદે કહે છે.

'मिष्टान्नव्यंजनादिनी काले संपाद्ये तव।

आज्ञासंपादिनी नित्यं तृतीये साऽब्रवीद्वरम्।।'

'હું પ્રતિદિન તમારી આજ્ઞાનું પાલન કરીશ અને સમયસર મીઠાં અન્ન અને ભોજન તૈયાર કરી આપીશટ, એમ કન્યા ત્રીજે પગલે કહે છે.

'शुचिः शृङ्गारभूषाडहं वांग्मनः कायकर्मभिः।
क्रीडिष्यामि त्वया सार्धं तुरीये सा वदेद्वरम्'

'હું સ્વચ્છતાપૂર્વક સર્વ શણગાર ધારણ કરીને મન, વાણી અને શરીરની ક્રિયા વડે તમારી સાથે ક્રીડા કરીશ', એમ તે કન્યા વરને ચોથે પગલે કહે છે.

'दुःखे धीरा सुखे हृष्टा सुखदुःखविभागिनी।
नाहं परतरं यामि पंचमे साऽब्रवीद्वरम्।।'

'દુઃખમાં ધીરજ રાખનારી અને સુખમાં પ્રસન્ન થનારી હું તમારાં સુખ-દુઃખમાં સહભાગી થઈશ અને હું કદાપિ પરપુરુષનો સંગ કરીશ નહીં', એ પ્રમાણે પાંચમે પગલે તે કન્યા વરને કહે છે.

'सुखेन सर्वकर्माणि करिष्यामि गृहे तव।
सेवा श्वसुरयोश्चापि बन्धूनां सत्कृति तथा।।
यत्रं त्वं वा अहं तत्र नाहं वंचे प्रियं क्वचित्।
नाहं प्रियेण वञ्च्या हि कन्या षठे पदेऽब्रवीत्।।'

'હું તમારા ઘરનાં સર્વ કામો સુખપૂર્વક કરીશ, તથા સાસુ-સસરાની સેવા અને બીજા સંબંધીઓનો સત્કાર કરીશ. જ્યાં તમે હશો ત્યાં હું રહીશ. હું મારા પ્રિય (સ્વામી)ને ક્યારે પણ છેતરીશ નહીં અને હું પણ સ્વામીથી નહીં છેતરાઉં', એમ કન્યા છઠ્ઠે પગલે કહે છે.

'होमयज्ञादिकार्येषु भवामि च साहाय्यकृत्।
धर्मार्थकामकार्येषु मनोवृत्तानुसारिणि।।
सर्वेऽत्र साक्षिणस्त्वं मे पतिभूतोऽसि सांप्रतम्।
देहो मयार्पितस्तुभ्यं सप्तमे साऽब्रवीद्वरम्।।'

'હે સ્વામી! હોમ યજ્ઞાદિ કાર્યોમાં હું તમને સહાય કરીશ અને ધર્મ, અર્થ તથા કામસંબંધી કાર્યોમાં હું તમારી ઇચ્છાને જ આધીન થઈશ. અહીં આ અગ્નિદેવ, બ્રાહ્મણ અને મારાં માતા-પિતાદિ સંબંધી વર્ગના સાક્ષીપણામાં તમે મારા સ્વામી થયા છો અને હું મારું સર્વસ્વ તમને અર્પણ કરું છું', એમ તે કન્યા વરને સાતમે પગલે કહે છે.

(નોંધ : જુદા જુદા પ્રદેશોમાં ભિન્નભિન્ન લગ્નપ્રણાલિકા પ્રચલિત હોવાથી સપ્તપદીના શ્લોકો ભિન્ન રહેવા સંભવ છે).

કેવો મધુર અને મનોહારી ભાવ રહેલો છે આ સપ્તપદીની પાછળ! પ્રથમ પ્રતિજ્ઞામાં વધૂનો પોતાના પતિ માટેનો ભાવ અભિવ્યક્ત થાય છે. પતિ તેને પોતાનું સર્વસ્વ લાગે છે. પતિને જ તે પોતાનું સૌભાગ્ય ગણે છે, એટલું જ નહીં, પરંતુ આજથી તે તેના નામે કપાળે ચાંદલો કરી પોતાનું ભાગ્ય પતિ સાથે જોડી દે છે. પતિની પ્રાપ્તિને તે પોતાના જન્માન્તરનાં પુણ્યકર્મનું ફળ માને છે.

બીજી પ્રતિજ્ઞામાં તે સમગ્ર કુટુંબનું પાલન કરવાની તેમ જ યથાલબ્ધ પદાર્થોમાં સંતોષથી રહેવાની ખાતરી આપે છે. સ્ત્રી માત્ર પતિ સાથે જ ન પરણતાં સમગ્ર કુટુંબ સાથે જોડાય છે, એ ભારતીય આદર્શનું અહીં દર્શન થાય છે. કુટુંબના નાના-મોટા દરેક સભ્યને પોતાનાં પ્રેમ અને સેવાથી વશ કરી લેવાની જવાબદારી તે પોતાના શિરે લે છે. સંતોષ વગર સુખ નથી એ વાતની વધૂને પ્રતીતિ છે.

પતિનું તેજ ટકાવવું એ સ્ત્રીના હાથની વાત છે. અરુંધતીએ વસિષ્ઠનો સંસાર તેજસ્વી બનાવ્યો હતો અને તેથી જ લગ્ન વખતે વર પોતાની વધૂને અરુંધતીનો તારો દેખાડે એવી વિધિ છે. એ ક્રિયા દ્વારા એવું સૂચન કરાય છે કે તું પણ મારો સંસાર આવો તેજસ્વી બનાવજે.

ત્રીજી પ્રતિજ્ઞામાં વધૂ આજ્ઞાપાલક બનવાની અને રોજ સ્વાદિષ્ટ અને મધુર રસોઈ જમાડવાની ખાતરી આપે છે. મનગમતી રસોઈ એ જ મિષ્ટાન્ન! સ્ત્રી એ રસોડાની રાણી કહેવાય છે. મારા પતિને હું જ જમાડીશ એવો મધુર ભાવ એમાં રહેલો છે. રસોઈ, એ સ્ત્રીને ઉપહાસનું નહીં, ઉલ્લાસનું કામ લાગવું જોઈએ. 'कान्ता कराग्र पचितम्', અન્ન ખાવામાં મધુરતા છે. મહારાજ જમાડે અને સૌ પોતપોતાના અનુકૂળ સમયે જમી જાય તો એ વીશી ગણાય, ઘર નહીં. જમતી વખતે પણ પતિ-પત્ની પ્રેમથી ભેગાં બેસતાં નથી એવા આ કાળમાં આ પ્રતિજ્ઞાનું પુનઃ મનન કરવાની જરૂર છે. મધુર વાતાવરણમાં જમાય તે મિષ્ટાન્ન! પ્રેમ ભોજ્ય પદાર્થોની મીઠાશને વધારે છે.

ચોથી પ્રતિજ્ઞામાં વધૂ સ્વચ્છ, પવિત્ર તેમ જ શૃંગારથી યુક્ત રહેવાની વાત કરે છે. મન, વાણી અને કર્મથી તે પતિ જોડે જ રમમાણ રહેવાનું વચન આપે છે. સુઘડતા, સ્વચ્છતા, શણગાર વગેરે દાંપત્યજીવનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ઘણી સ્ત્રીઓ પરણ્યા પછી આ બાબતમાં ઉદાસીનતા સેવે છે અને પરિણામે પતિનો પ્રેમ કે ઉષ્મા ખોઈ બેસે છે. પત્ની થયા પછી પણ સ્ત્રીએ પતિની પ્રિયતમા મટી જવાનું નથી એ વાત ધ્યાનમાં રહેવી જોઈએ. વળી સ્ત્રી, એ પતિને રમવા માટેનું ભોગનું કેવળ રમકડું કે સાધન નથી, પરંતુ રમતમાં તેણે તેના સાથીદાર બનવાનું છે. પત્ની તરફથી મળતો ઠંડો આવકાર પતિને બહિર્ગામી બનવા પ્રેરે

છે. પત્ની સદાય પતિના મનનું આકર્ષણ કેન્દ્ર રહેવી જોઈએ.

પાંચમી પ્રતિજ્ઞામાં વધૂ સુખદુઃખમાં સમભાગિની બનવાની ખાતરી આપે છે. સુખ વહેંચવાથી વધે છે જ્યારે દુઃખ વહેંચવાથી ઘટે છે. આ રીતે સુખનો ગુણાકાર અને દુઃખનો ભાગાકાર કરી સ્ત્રી સંસારમાં સ્વર્ગ સર્જે છે. સ્ત્રી પતિના સુખે સુખી અને તેના દુઃખે દુઃખી થાય છે. દુઃખના પ્રસંગે તે પુરુષના અશ્રુ લૂછે છે અને તેને ધૈર્ય આપે છે. એકાદ વાત મનગમતી ન થાય તો છૂટાછેડા લેવાનું વિચારતી આજની સ્ત્રીએ આ પ્રતિજ્ઞા પર મનન કરવા જેવું છે.

છઠ્ઠા પગલે વધૂ ઘરનાં બધાં જ કામો આનંદથી કરવાની, વડીલોની સેવા કરવાની તેમ જ સગાંસંબંધીઓનો સત્કાર કરવાની પ્રતિજ્ઞા લે છે, પતિ જ્યાં રહેશે ત્યાં અવંચક થઈને રહેવાની ખાતરી આપે છે તેમ જ પતિ તરફથી પોતાને છેતરવામાં ન આવે તેવી પ્રાર્થના કરે છે. ગૃહકાર્ય એ સ્ત્રીને બોજો ન લાગતાં આનંદનો વિષય લાગવો જોઈએ. **"Work willingly done becomes play."** વળી વડીલોની સેવા કરવાથી તેમની છત્રછાયા પણ સાંપડી રહે છે. પતિવ્રતા સ્ત્રી પડછાયાની માફક પતિને અનુસરે છે. સીતા કહે છે કેઃ 'રામ વગરની અયોધ્યા મારે માટે અરણ્ય સમાન છે અને રામના સહવાસમાં અરણ્ય પણ મને અયોધ્યા સમાન લાગે છે.' સ્ત્રી સર્વત્ર પતિને જ અનુસરે છે. વળી એકબીજા પ્રત્યેની અવંચકતા સંસારમાં સ્વર્ગ સર્જે છે. વિશ્વાસ એ જ દાંપત્યજીવનનો પાયો છે. સંશયની એક નાનકડી ચિનગારી સમગ્ર સંસારની વિશાળ ઈમારતને બાળીને ભસ્મીભૂત કરી નાખે છે.

સાતમા પગલે વધૂ કહે છે કે, હું યજ્ઞકાર્યમાં તમારી જોડે જ રહીશ. ધર્મ, અર્થ, કામ સંબંધી કાર્યોમાં તમારી ઇચ્છાને આધીન રહીશ. યજ્ઞ એટલે સત્કાર્ય – પતિ જોડે યજ્ઞકાર્યમાં સાથે રહે તે જ પત્ની ગણાય અને નહીં તો તેને માદા કહેવાય. વળી અર્થ-કામમાં તો પત્ની મોટે ભાગે પતિ જોડે રહે જ; તેમાં એની વિશેષતા નથી. ધર્માચરણ એ મહત્ત્વની વાત છે. ધર્મ એ જ માનવની વિશેષતા છે. પત્ની તેમાં પણ પતિ સાથે ઊભી રહે એવી અપેક્ષા છે, તેથી જ તો તેને સહધર્મચારિણી એવું બિરુદ આપવામાં આવ્યું છે. બ્રાહ્મણ, અગ્નિ અને મા-બાપની સાક્ષીએ વધૂ વરને પોતાનું જીવન અર્પણ કરે છે. આ સમર્પણ શરીર પૂરતું મર્યાદિત ન રહેતાં મન, બુદ્ધિ અને અંતે અહંકારના સમર્પણ સુધી આગળ વધવું જોઈએ. આવું એકત્વ સંસારમાં સંગીત નિર્માણ કરે. 'સમગ્રરૂપે હું તારી છું' એવો ભાવ જો વધૂના મનમાં ન પ્રગટે તો વિવાહ એક ઉપહાસ અને લગ્ન એક તમાશો બની રહે! પરણતી વખતે વર-વધૂનો સંકલ્પ હોવો જોઈએ કેઃ

'ભોગ નહિ પણ ભાવનો ભરવો જીવનરંગ;
સ્નેહ થકી સંસારમાં રહેવું સદાયે સંગ!
રંગ થકી રેખા અને રેખાથી વળી રંગ;
રંગ, રૂપ, રેખા તણો જીવનમાં હો સંગ!'

## એક દીકરી...

માતા-પિતાની લાડકવાયી એક દીકરી
કાળજાનો કટકો છતાં પરાઈ એક દીકરી
ક્યારેક પરી તો ક્યારેક ઢીંગલી
ક્યારેક મનના ટોડલે ટહુકતી કોયલ એક દીકરી
સંબંધોના સરવાળાને સાચવતા આવડે જેને
એવાં બંને કુળનો ઉદ્ધાર કરતી એક દીકરી
જેને જોતા જ દિલના દરિયામાં ભરતી આવે
એવી પૂનમની ચાંદની એક દીકરી
જેનો ખાલીપો કોઈથી ભરાય ના
એવી સુખ-દુઃખની સખી એક દીકરી
દીકરો ભલે પરણીને લઈ આવે વહુને
પણ એ હોય તો કોઈકની એક દીકરી
ગૃહસ્થાશ્રમમાં જેનો છે અમૂલ્ય ફાળો
એ સમસ્ત સંસારની નારી એક દીકરી

—ooo—

કહેવાય છે કે પિતાનો અઢળક પ્રેમ અને
માતાનું નિર્મળ વહાલ... આ ભેગું થાય અને આકાશમાં
જે હેલી ચડે ને તેની વાદળી બંધાય અને જે આનંદ
વરસે એનું નામ દીકરી

—ooo—

પાપાની લાડલી, માની છે જાન
દિલ નાદાન પણ કરે બધા માટે જાન કુરબાન
ભાઈઓની મુસ્કાન ને પરિવારની શાન
આ છે દીકરીની સાચી ઓળખાણ

—ooo—

માતા-પિતાની આંખો આંસુથી બે જ વખતે છલકાય છે,
જ્યારી દીકરીઓ ઘર છોડે ત્યારે અને
દીકરાઓ તરછોડે ત્યારે...

## સપ્તપદીનાં નવયુગલો

૧) વૈભવ શ્રેણિકકુમાર શાહ, મલાડ
માનસી કમલેશકુમાર શાહ, ભાયંદર
૨) હાર્દિક રશ્મીકાંત શાહ, નાલાસોપારા
નેહા બબન માંડવકર, મલાડ
૩) ઋષભ સુરેશકુમાર શાહ, ભાયંદર
બીજલ પરેશકુમાર શાહ, પુના
૪) મયુર હિંમતભાઈ શાહ, કાંદિવલી
તેજશ્રી મહાવીર ડોંગરે, કાંદીવલી
૫) તરંગ વસંતભાઈ શાહ, બોરીવલી
રેશ્મા જ્યોતીન્દ્ર સુખીયા, ભાયંદર
૬) ચિરાગ સતિષકુમાર શાહ, વિરાર
તન્વી પિયુષભાઈ શાહ, કાંદિવલી
૭) હાર્દિક ભુપેન્દ્રભાઈ મિસ્ત્રી, મલાડ
કરિશ્મા રાજેશભાઈ કોઠારી, કાંદિવલી
૮) રવિ ગીરીશભાઈ શાહ, કાંદિવલી
શ્વેતા નિલેશભાઈ માંડલીયા, ઘાટકોપર
૯) ગૌરવ પ્રવિણભાઈ દેસાઈ, વિરાર
સુવર્ણા સુભાષભાઈ પાગી, પાલઘર
૧૦) વિશાલ પ્રકાશભાઈ બાવીશી, મલાડ
ગુંજન ભાસ્કરભાઈ ભાવસાર, વેરાવળ
૧૧) તેજસ નરેન્દ્રભાઈ જોબાલિયા, વિરાર
અપર્ણા બિપિનભાઈ શાહ, વિરાર
૧૨) હાર્દિક જશવંતલાલ દોશી, મલાડ
સપના અજીતકુમાર શાહ, સુરત
૧૩) દિપ જગદીશભાઈ ગાંધી, પુના
ભક્તિ ચંદ્રશેખર ગાંધી, પુના
૧૪) મોહીત મેહુલકુમાર શાહ, વિરાર
ચાર્મી નિતિનભાઈ ગાંધી, વિરાર
૧૫) શ્રેણીક જયેશભાઈ ઘેલાણી, વસઈ
દર્શના કિરીટકુમાર શાહ, વસઈ
૧૬) મિરલ ભરતકુમાર શાહ, ડોંબીવલી
વૈશાલી કિરીટભાઈ વોરા, ડોંબીવલી
૧૭) ભુષણ રાજેન્દ્રભાઈ શાહ, સાંગલી
જ્યોતી જીવનભાઈ સાખરે, ખરડા
૧૮) વૃષભ નરેન્દ્રભાઈ પરીખ, ભાયંદર
જિનલ જીતેન્દ્રભાઈ મણિયાર, મલાડ
૧૯) હેમાંગ વિક્રમકુમાર શાહ, ભિવંડી
નિધી વિક્રમભાઈ શાહ, સુરત
૨૦) હાર્દિક ખાંતિલાલ શેઠ, વિરાર
પ્રાજક્તા હરીશભાઈ દેશમુખ, વાડા

## ૨૨મા સમૂહલગ્નોત્સવના સહયોગી સેન્ટરો

**જૈન જાગૃતિ સેન્ટરો :** • અમૃતનગર • બીચ સાઈડ • બોરીવલી • ચેમ્બુર • જેમ્ જગડુશા • ગોલ્ડન ગારોડિયા • જુહુ • જુહુ બીચ • કાંદિવલી • મલાડ • મુલુંડ • મુંબઈ • નવી મુંબઈ • નોર્થ ઈસ્ટ • નોર્થ વેસ્ટ • પેડર રોડ • રજવાડી • રૉયલ જગડુશા • શિવાજી પાર્ક • સાયન-માટુંગા • વિલે પાર્લે • પનવેલ • વાશી • દહિસર • અંકલેશ્વર • ઘાટકોપર • લેડીઝ વિંગ (સેન્ટ્રલ મુંબઈ) • લેડીઝ વિંગ (મુંબઈ ઈસ્ટ) • લેડીઝ વિંગ (દહિસર) • ભાંડુપ-વિક્રોલી • પિંક પંતનગર • વસઈ • વાપી • નેરૂલ • બૉમ્બે ડાઉન-ટાઉન

## 'બેટી' કા 'અનોખા' બયાન...!

વહાલા પપ્પા...

'બેટી' બનકર આઈ હું મા-બાપ કે જીવન મેં,
બસેરા હોગા કલ મેરા કીસી ઔર કે આંગન મેં
ક્યું યે રીત 'રબ'ને બનાઈ હોગી,
'કહેતે' હૈ આજ નહીં તો કલ તું 'પરાઈ' હોગી,
'દે કે' જનમ 'પાલ-પોસકર' જિસને હમે બડા કિયા,
ઔર 'વક્ત' આયા તો ઉન્હી હાથોં ને હમે 'વિદા' કિયા,
'ટૂટ' કે બીખર જાતી હૈ હમારી 'જિંદગી' વહીં
પર ફીર ભી ઉસ 'બંધન' મેં પ્યાર મિલે 'જરૂરી' તો નહીં,
ક્યું 'રિશ્તા' હમારા ઈતના 'અજિબ' હોતા હૈ
ક્યા બસ યહી 'બેટીયોં' કા 'નસીબ' હોતા હૈ??

—૦૦૦—

બહુત 'ચંચલ' બહુત
'ખુશનુમા' સી હોતી હૈ 'બેટીયાં'
'નાજુક' સા 'દિલ' રખતી હૈ 'માસૂમ' સી હોતી હૈ 'બેટીયાં'
'બાત' બાત પર રોતી હૈ
'નાદાન' સી હોતી હૈ 'બેટીયાં'
'રેહમત' સે 'ભરપૂર'
'ખુદા' કી 'નેમત' હૈ 'બેટીયાં'
'ઘર' મેહક ઊઠતા હૈ જબ 'મુસ્કુરાતી' હૈ 'બેટીયાં'
'અજિબ' સી 'તકલીફ' હોતી હૈ
જબ 'દુસરે' ઘર જાતી હૈ 'બેટીયાં'
'ઘર' લગતા હૈ સુના સુના
'કિતના' રુલા કે 'જાતી' હૈ 'બેટીયાં'
'ખુશી' કી 'ઝલક'
'બાબુલ' કી 'લાડલી' હોતી હૈ 'બેટીયાં'
યે 'હમ' નહી 'કહતે'
યે તો 'રબ' કહેતા હૈ...
કે જબ મેં બહુત ખુશ હોતા હું તો
'જનમ' લેતી હૈ 'પ્યારી સી બેટિયાં'

ZALAWAD
BUSINESS FORUM

# TRADE FAIR 2017

3rd ZBF TRADE FAIR - **7th - 8th JANUARY 2017**
**Bombay Exhibition Center, Goregaon East, Mumbai**

**Multi Community** | **50,000+ Visitors** | **400+ Stalls** | **Retail Bazaar**

**Loan Mela by NBFC's & Institutional Finance**

**Other Premium Clusters on Cards**

## 100+ STALLS BOOKED
## Have you booked your preferred stall yet?

# 15% DISCOUNT

OFFER VALID ON STALL BOOKED TILL **25TH NOVEMBER 2016**

**Book your stalls now on www.zbfindia.org**

**Retail Bazaar Table Space**
₹10,000/-*

**Stall Space 2mtr x 2mtr**
Regular - ₹15,000/-*
Premium - ₹18,500/-*

**Stall Space 3mtr x 2mtr**
Regular - ₹20,000/-*
Premium - ₹25,000/-*

Stall Includes: 1 table + 2 Chairs + Fascia + Other Accessories

*Service Tax Extra as Applicable.


**For Sponsorship Opportunities Call**
Kiran Shah +91 98210 52705 I Rahul Sanghvi +91 98200 74615
Manish Kuvadia +91 98923 90275

**Our Associates**
MANBA | HAPPY HOME | EATA Group

**Zalawad Business Forum (ZBF)**
**Office Address:** Gala #38, Gokul Arcade, Near Garware, Sahar Road, Off. Western Express Highway,Vile Parle East, Mumbai 400 057. India.
**Tel:** +91 9702108514 I **Email:** admin@zbfindia.org I **Website:** www.zbfindia.org

Advt.


Its Now or Never !!!
સુપર Early Bird ડિસ્કાઉન્ટ !!
Summer 2017
ગ્રાન્ડ યુ.એસ.એ
૨૩ દિવસ
બેસ્ટ ઓફ યુરોપ
૧૪ દિવસ
ગ્રાન્ડ યુરોપ
૧૯ દિવસ
મેગ્નીફીસેન્ટ યુરોપ સાથે લંડન
૧૪ દિવસ
સાઉથ આફ્રિકા
૧૨ દિવસ
ફાર ઈસ્ટ
૧૫ દિવસ
૧૦,૦૦૦ ડિપોઝીટ આપી ને બુક કરાવો. બાકીની અમાઉન્ટ ૨૦૧૭ માં આપો
KALBADEVI (HEAD OFFICE)
40622205 / 40622206 / 40622207
Advt.




KANDIVALI 28061515 | GHATKOPAR 21021155 | MULUND 25919100

# Grand Success of Dubai Tour & Renewal

JJC Pink Pantnagar after successful tours of Luxurious Dubai in 2015, Darshan yatra, Kerala and Dubai in 2016 & also Block buster and super duper programmes in 2016 , invite you for the membership for the year 2017. The flair and super hit programmes , trips & other attaractive surprises will be in 2017 under the new President Mr. Ashokbhai Thosani.



## નારીશક્તિ અને શૌર્ય

# લગ્નજીવનના સિદ્ધાંતો

આજનો આપણો વિષય છે લગ્નજીવનની શરૂઆત અને પાયાભૂત સિદ્ધાંતોની સમજ. આજે લગ્ન કરવું અને નિભાવવું એમાં સમજ ઓછી પડી તો વાત આગળ ન વધતાં બંધનો તૂટવા લાગ્યાં છે. પંડિતોની સમક્ષ અને અગ્નિની સાક્ષીએ થનારાં બંધનો જરા પણ વિચાર કર્યા વગર બંધનમુક્ત થતાં વાર લાગતી નથી. એનું કારણ આપણા સંસ્કારોમાં સમજ નાની થવા લાગી છે. આજે બધાં જ ઘરમાં લગ્નમાં પંડિતોની સાક્ષીએ સોગંદ લેવાય તો છે, પણ શું પંડિતોની સમક્ષ લેવામાં આવતા સોગંદની સાચે જ ખબર છે કે તે શું હોય છે?

દરેક ઘરમાં સંભાળીને રાખવા જેવી આ વાતો છે. સાત વચનો શું છે એ જોઈએ. દરેક સ્ત્રી-પુરુષને આની સમજ હોવી જરૂરી છે. આનાથી ઘર તૂટતાં બચી જશે. ઉપરથી બની આવેલા સંબંધો મધુરતાથી અપનાવો.

**પહેલું વચન** એ છે કે કન્યા વરને નિવેદન કરે છે કે એ જે પણ કમાવીને લાવે એ (વધૂને) સોંપે અને વિનાકારણ ન ઘરની બહાર સૂવે ને ભોજન કરે.

**બીજું વચન** એ છે કે વધૂ વરને કહે છે કે એ પોતે વિનમ્ર બનીને ઘરેલુ કાર્ય કરશે અને પરિવારની સાથે મિલનસાર બનીને રહેશે, પરંતુ વરને વધૂના પ્રતિ કર્તવ્યોનું પાલન કરવું પડશે નીડરતાથી.

**ત્રીજું વચન** એ છે કે વધૂને એનાં માતા-પિતાએ વરના વિશ્વાસની સાખે સોંપી છે તો એની જાતિ, નામ, ગોત્ર, કુળ બધું જ બદલાઈ જશે એટલે વરની જ ફરજ છે કે વધૂનું પાલન-પોષણ સારી રીતે કરે.

**ચોથું વચન** એ છે કે વધૂ વરને કહે છે કે મધુરતાથી હું તમારી સાથે રહીશ અને દરેક પરિસ્થિતિઓમાં તમારો સાથ આપીશ અને દરેક કાર્ય કરવા મંગળકામના કરીશ, પરંતુ મારું પાલન અને મારા પ્રત્યેની તમારી ફરજ મધુરતાથી તમે પણ નિભાવશો.

**પાંચમું વચન** એ છે કે વધૂ વરને નિવેદન કરે છે કે વૃદ્ધાવસ્થા સુધી પરિવારનું પાલન કરવાની અને વગર માગે ફરજો નિભાવી દેખાડવાની છે. મારી અપેક્ષાપૂર્તિ પણ વગર માગે થવી જોઈએ.

**છઠ્ઠું વચન** એ છે કે વર-વધૂ પ્રકૃતિ અનુસાર કાર્ય કરવા સર્જાય છે. વધૂ વરને વિનંતી કરે છે કે એ પરિવારની અને સગાં-સંબંધીઓની ઈર્ષા ન કરતા ગુણગાન ગાશે અને ભૂલ થયે ક્ષમા આપશે. પરિવાર એને દીકરી ગણી મંગલમય વાતાવરણમાં રાખે.

**સાતમું વચન** એ છે કે વધૂ વરને વચન આપે છે કે હું તમારા માટે શુભકર્તા બનું અને સારાં કર્મોની ભાગીદાર બનું, પરંતુ મારા દ્વારા ભૂલમાં થયેલાં પાપોના પણ તમે ભાગીદાર બનો.

બધું થયા પછી વર પણ વધૂ પાસે વચન લે છે કે તું ક્રોધરહિત થઈને મારા પરિવારની સેવા કરીશ. વગર કારણે અહીંયાં ત્યાં ફરીશ નહીં. પરપુરુષની સાથે ક્રીડા કરીશ નહીં. વ્યર્થનું ગાવું, હસવું અને મજાક-મશ્કરી છોડી દઈશ. ઘરની અંદર રહીને વધૂ પતિવ્રતા ધર્મનું પાલન કરીશ તો હું પણ તારું પાલન કરીશ અને સાત વચન બંને પક્ષે પૂરાં થાય છે.

આ વચનો વાંચીને કબાટમાં મૂકી દેવા કરતાં પરણવાયોગ્ય છોકરા-છોકરીને વારંવાર વંચાવતાં મનપરિવર્તન થશે. લગ્ન થઈને છોકરાનાં મા-બાપ પ્રત્યે તિરસ્કાર અથવા અણગમો રહેશે નહીં. અલગ રહેવાની વાતોને વધારે વાગોળવી નહીં. **મોટાની છત્ર-છાયા સંતાન માટે શુભકારી છે.** વડીલોની અપેક્ષા લગ્નગ્રંથિએ જોડાયેલા લોકો પાળે એવી તીવ્ર હોય છે, પણ એક જ કુટુંબમાં બેથી વધારે દીકરા-વહુઓ પૌત્રા-પૌત્રીઓ હોય ત્યાં વડીલોની ફરજ દસ ગણી વધી જાય છે. પક્ષપાત ન કરતાં બધાને સમાન પ્રેમ આપવો જોઈએ. આજકાલ ઘણાં કુટુંબમાં વડીલોના લીધે લગ્નજીવન જોખમમાં મુકાણાં છે. વધારેપડતી અપેક્ષા અને પક્ષપાતનું વલણ નાની શરૂઆતમાં લગ્નેતર લોકોને તિરસ્કાર કરાવે છે. લગ્નજીવન પોતાનું દુઃખી હોય તો બીજાને સુખી ન જોઈ શકે એવી સ્ત્રીઓ ઘર ભાંગવામાં ઘણી જ અહેમ ભૂમિકા નિભાવે છે. સાસુપણું અને વહુપણું છોડીને સારી રીતે રહું અને હું અને મારી વહુ. બધાને શીખવે તો સારી શિખામણ સમાજને મળે છે.

પ્રેમનું અભૂતપૂર્વક આદાન-પ્રદાન કરવાથી મનને શાંતિ મળે છે. ઘણા જ વિચાર રજૂ કર્યા પછી કંઈક અંશે આપણે પણ લખનારનો આભાર માનવો રહ્યો. ઘરબેઠા સારી કીમતી ચીજો ખોવાતી હોય તે પાછી મળે તો, ગોતી દેનાર ધન્યવાદને પાત્ર તો ઠરે કે નહીં? આભાર માનવાથી આપણા અંદર બીજા પ્રત્યે નમ્રતા અને વિનયનો ગુણ આવે છે.

એક વાર, બે વાર, ત્રણ વાર આભાર માનવા કરતાં અને દેખાડો કરવા કરતાં ખરા મનથી અને આપણને કંઈક મળ્યાનો સંતોષ થાય તો જ સાભાર માનવો.

લગ્નની સિઝનમાં દેખાડાને મહત્ત્વ ન આપતા સંસ્કાર અને પરંપરા જાળવી રાખવા સાત વચનો વહેંચો. દરેકને ગિફ્ટમાં સંસ્કારોની સુગંધ આપવાથી સમાજ સુગંધિત થશે અને એ કુટુંબનું નામ સોનાના અક્ષરે લખાશે. કુંડલીમિલન દરેક સભ્ય સાથે કરવા કરતા સંસ્કારોનું કુંડલીમિલન થવું જરૂરી છે. કેસરની સુગંધ ખરીદી નથી શકાતી, પણ કેસર જેવું જીવન જીવી બધામાં તાજગી ભરી શકાય છે. કેસરી રંગ લગ્નજીવનનો અખંડ રંગ છે. સિંદુરથી માંડી સાડી-ઘરેણાં બધામાં જ કેસરિયો કલર વાપરવામાં આવે છે એનો અર્થ જ કેસરની મહેક છે. કેસર જેમ કીમતી તેમ કાચની જેમ તૂટતા અટકાવવા સંબંધોને કેસરી રંગે રંગવા જોઈએ.

વાસ્તુ ટીપ : સંસ્કારોની સુગંધ ગમે ત્યાંથી મળે. એના સરનામે અભિનંદનની સુગંધ આપણે ફેલાવવી રહી. અભિનંદન આપવાથી ગુરુ-શુક્ર, ચંદ્ર-કેતુ, મંગળ-રાહુ ખરાબ ગ્રહોની અસરથી રાહત મળે છે. ગુરુની વાણી, ચંદ્રનું મન, મંગળનું પરાક્રમ, રાહુ-કેતુની આડ-અસરને આભાર માની નમ્રતા દેખાડવાથી રાહત મળે છે. પ્રશંસા બધાને ગમે, પણ આપો તો મળે, વહેંચો તો વધે. સડાવો તો સડે, મનાવો તો માને.

દુશ્મને પણ સારાં કામ કર્યા માટે મનથી પ્રશંસા કરશો તો દુશ્મનાવટ દૂર કરવાના રસ્તા ખૂલતા દેખાશે. નાનાં બાળકોને શિખડાવવા બીજાની પ્રશંસા કરો... સર્વ મંગલ, સદા મંગલ આપો.

લગ્ન માટે નાનકડી ચાર પંક્તિ

તારો દઈશ સાથ, સાથે લઈને હાથ
તારા સથવારે દિન, તારા સથવારે રાત
તારા ગીતમાં ગીત, તારી પ્રિતમાં પ્રીત
જો રહેવું સાથે, શીખી લે આ જ ગીત આ જ ગીત
તું જ મારો અને હું તારી
જિંદગીમાં જીતી જશું મારા મનમીત મારા મનમીત

અહંકાર, અંગીકાર, ત્યાગ અને તિરસ્કાર લઈને સાથે રહીશું તો લગ્નજીવન છે બેકાર. મંગલગીતોથી પ્રભુતામાં પગલાં પાડનાર દંપતીને સમજાય જો બધી વાત તો નહીં થાય લગ્નજીવનમાં કોઈ ભંગાણ.

ગણેશજી અને શિવ-પાર્વતી સાથે મૂકવાથી પ્રેમમાં વૃદ્ધિ થાય છે.

*(કેતના શેઠ)*


# જેજેસી કાંદિવલી

સંચાલિત

**જૈન સગપણ માહિતી સેન્ટર (કાંદિવલી)**

**(શ્રી કિરીટભાઈ ભાઈલાલભાઈ શાહ પરિવાર પ્રેરિત)**

**અષ્ટમ યુવક - યુવતી પરિચય સંમેલન (ગ્રેજ્યુએટ યુવા મેલા)**

**રવિવાર . તા. ૨૯ મી જાન્યુઆરી ૨૦૧૭ સમય : સવારે ૮.૦૦ થી બપોર ૨.૦૦ સુધી**

બે અલગ પરિવારોની પરંપરા, બે અલગ અલગ પાત્રોની વર્તમાન જીવનશૈલીની વિવિધતાનો સમજણથી સમન્વય કરીને આપના ભાવિ જીવનને સગપણના સેતુ પ્રતિ દોરી જતો "મંગલ મંચ" એટલેજ "જૈન સગપણ માહિતી સેન્ટર" જેના દ્વારા રજીસ્ટર્ડ થયેલા, મુંબઈ કે મુંબઈ બહારના માત્ર અપરિણીત સ્નાતક (ગ્રેજ્યુએટ) થયેલા જેઓની વય ૨૧ થી ૩૫ વર્ષ સુધીની જ હોય એવા જૈન સમાજના લગ્ન ઈચ્છુક યુવક /યુવતીઓને તા. ૧૦.૦૧.૨૦૧૭ સુધીમાં તેમનું નામ રજીસ્ટર્ડ કરાવીને આ સંમેલનમાં સહભાગી થવા અમારૂં હાર્દિક આમંત્રણ છે. વહેલા તે પહેલાના ધોરણે નામો રજિસ્ટર્ડ કરાવાના રહેશે. નિર્ધારીત સભ્ય સંખ્યા પૂરી થયા પછી વધુ નામો સ્વીકારવામાં આવશે નહીં.

**સંપર્ક સૂત્ર : જૈન સગપણ માહિતી સેન્ટર**

દુકાન નં.૯, સાંઈરાજ ગોર્ડન, હેમુકલાની રોડ નં.૩, (ઈરાની વાડી) મોદી પાર્કની સામે,
કાંદિવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૬૭, ફોનઃ ૯૮૨૧૦૫૦૧૬૯ મો. ૯૮૨૧૮૭૯૩૩૫ / ૯૮૬૯૯૫૫૭૫૦ / ૯૭૬૭૪૮૨૯૨૬
Website : www.jjckandivali.com Email : info@jjckandivali.com

Advt.

# દીકરીનું માને વિચારવલેણું

પ્રિય મમ્મી,

8 GBની Pen Driveમાં થોડી જગ્યા ઓછી પડી, નહિ તો મારું આખું બાળપણ એક ફોલ્ડરમાં નાખીને અહીં સાસરે લઈ આવી હોત, પણ મારું બાળપણ તો તારા ખોળામાં જ રહી ગયું. તારા ખોળામાં હું માથું મૂકીને સૂઈ જતી એ સમય સોનાનો હતો અને એટલે જ એ ચોરાઈ ગયો. સોનાની વસ્તુઓ પહેલેથી જ હું સાચવી શક્તી નથી. ગમે ત્યાં ખોવાઈ જાય છે. ઘરે હતી ત્યારે તો તું મને શોધી આપતી. સાસરે આવ્યાં પછી મારી જ જાત મને મળતી નથી, તો બીજી વસ્તુઓ તો ક્યાંથી મળે ?

...તું રોજ સવારે મારા માથા પર હાથ ફેરવીને મને ઉઠાડતી. હવે મારે Alarm મૂક્વું પડે છે. જે સાડી તું પહેરતી, એ જ સાડી હવે Alarmને પહેરાવું છું, પણ તોય ખબર નહિ કેમ? Alarm એટલા પ્રેમથી ઉઠાડી નથી શક્તું. એ તારી સાડીનો નહિ, Alarmનો Problem છે.

આજે પણ રડવું આવે છે, ત્યારે તારી જૂની સાડીનો છેડો આંસુઓ સામે ધરી દઉં છું. આંસુઓને તો મૂરખ બનાવી દઉં, પણ આંખોને કેવી રીતે બનાવું ? આંખો પણ હવે, Intelligent થઈ ગઈ છે. તેં મને Train કરી, એવી જ રીતે, મારી આંખોને પણ તે જ Train કરી છે. એટલે મારી આંખો જાહેરમાં રડતી નથી.

મમ્મી, મારા ઘરથી મારા સાસરા સુધી જતા રસ્તામાં, એક પણ U-Turn આવ્યો નહિ, નહિ તો હું તને લેવા ચોક્કસ આવી હોત.

મમ્મી, કેટલાક રસ્તાઓ One-Way હોય છે. એવા રસ્તાઓ પર હું આગળ નીકળી ગઈ છું. કોઈને મારું સરનામું પૂછવાનો અર્થ નથી, કારણકે મારી સરનેમ અને સરનામું, બંને બદલાઈ ગયાં છે, પણ એ રસ્તાઓ પર Wrong Sideમાં Drive કરીને પણ, તને મળવા હું ચોક્કસ આવીશ, કારણકે મારું Destination તો તું જ છે, જ્યાંથી મેં મારી જિંદગીની Journeyની શરૂઆત કરી હતી.

મમ્મી મારું Destination અને મારી Destiny બંને તું જ છે. મમ્મી, સાસરે આવ્યાં પછી મારી દુનિયા બદલાઈ નથી, કારણકે મારી દુનિયા તો તું છે.

**લિ. મમ્મીની દીકરી**

*પ્રેષક : પ્રદીપ દોશી-પ્રમુખ ગોલ્ડન ગારોડિયા*

---

# મુખપૃષ્ઠ

## લાડકડી

પીઠી ચોળી લાડકડી!
ચૂંદડી ઓઢી લાડકડી!
ચૂંદડીએ ધબકારા ઢાંક્યા
– ને કરમાં કર સોંપ્યા લાડકડી!

મીઠી આવો લાડકડી!
કેમ કહુ જાઓ લાડકડી ?
તું શાની સાપનો ભારો ?
– તું તુલસીનો ક્યારો લાડકડી!

ચરકલડી ચાલી લાડકડી,
રહેશે ના ઝાલી લાડકડી!
આછેરી શીમળાની છાયા :
– એવી તારી માયા લાડકડી!

સોડમાં લીધાં લાડકડી!
આંખ ભરી પીધાં લાડકડી!
હીબકાંને હૈયામાં રૂંધ્યાં
– ને પારકાં કીધાં લાડકડી!

*– બાલમુકુન્દ દવે*

## દીકરીનાં લગ્ન પછી, ઘરમાં

આખરે ઉજાગરાનો અંત આવ્યો :
લગન ઊકલી ગયાં.
મા હવે
ઘરની ચીજવસ્તુઓ ગણે છે,
સંભારી સંભારી મેળવે છે,
સંભાળી સંભાળી ગોઠવે છે.
થાળી, વાટકા, ગ્લાસ, ડીશ-
બધું બરાબર છે,
ક્યાંય કશુંય ખોવાયું નથી,
કશુંય ગયું નથી –
પણ
અચાનક કંઈક યાદ આવતા
એ ઓરડા વચ્ચે
ઊભી રહી જાય છે.
આંખોમાંથી ટપકું ટપકું થાય છે
ખારો ખારો પ્રશ્ન :
'મારી દીકરી ક્યાં ?'

*– જયન્ત પાઠક*

## કન્યા વિદાય

સમી સાંજનો ઢોલ ઢબૂક્તો
જાન ઊઘલતી મહાલે.
કેસરિયાળો સાફો
ઘરનું ફળિયું લઈને ચાલે.
પાદર બેસી ફફડી ઊઠતી
ઘરચોળાની ભાત
ડૂસકે ડૂસકે હડસેલાતી
બાળપણની વાત
પૈડું સીંચતા રસ્તો આખો
કોલાહલમાં ખૂંપે
શૈશવથી ચીતરેલી શેરી
સૂનકારમાં ડૂબે.
જાન વળાવી પાછો વળતો
દીવડો થરથર કંપે
ખડકી પાસે ઊભો રહીને
અજવાળાને ઝંખે.
સમી સાંજનો ઢોલ ઢબૂક્તો જાન ઊઘલતી મહાલે
કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે.

*– અનિલ જોશી*

# સમૂહલગ્ન : આજના સમયની તાતી જરૂરિયાત

હાલ પ્રવર્તતી કાળઝાળ મોંઘવારીમાં ગરીબ વર્ગ, મધ્યમ વર્ગ કે ઉચ્ચ મધ્યમ વર્ગની હાલત દિવસેદિવસે કફોડી થતી ગઈ છે. સામાન્ય કુટુંબ માટે ટૂંકી આવકમાં પરિવારજનોનું ભરણપોષણ કરવું ખૂબ જ મુશ્કેલ બનતું જાય છે. કમાનાર એક હોય અને ખાનાર છ હોય ત્યારે કમાનાર ગમે એટલી મહેનત કરે તોપણ બે છેડા ભેગા કરતા તેના નાકે દમ આવી જાય છે. એમાં વૃદ્ધ વડીલોની માવજત અને સંતાનોના ઉછેર પાછળ કમાનાર બેવડ વળી જાય છે. મહિનાના અંતે જોવા જાય તો બચતના નામે મીંડું હોય છે.

એવામાં સંતાનો મોટાં થતાં જાય અને ઉંમરલાયક થતાં માતા-પિતાની ખરી કસોટીનો સમય શરૂ થાય છે, કેમ કે ઉંમર થતાં દીકરા-દીકરીને પરણાવવા તો પડે જ. પરણાવવાલાયક સંતાનોને ક્યાં સુધી ઘરમાં કુંવારાં બેસાડી રખાય.

હવે સંતાનોને પરણાવવા એટલે શ્રીમંત પરિવારને તો વાંધો નહિ, પણ સામાન્ય વર્ગનાં કુટુંબ માટે સંતાનો પરણાવવા એટલે લોઢાના ચણા ચાવવા જેવી પરિસ્થિતિ થાય. સૌથી પહેલાં તો લગ્નની તારીખ જોવડાવીને વાડી કે હૉલ બૂક કરાવવા પડે જેના માટે છ મહિના પહેલાંથી દોડાદોડી કરવી પડે. બજેટ ટૂંકું હોય એટલે કેટરર્સવાળો પણ સસ્તો ગોતવો પડે. એ સાથે કંકોત્રીનો ખર્ચ માંડવો પડે. કપડાં-દાગીના વગેરેની તો કલ્પના જ કરવી રહી. છતાંય કરવું તો પડે જ. **એમાંય દીકરીનાં માતા-પિતાએ તો માથે હાથ દઈને બેસવું પડે. દીકરીને થોડુંક ઓછું આપશું તો એને જિંદગીભર સાંભળવું પડશે એમ વિચારી કરજ કરીને પણ વ્યવહાર નિભાવવો પડે.**

આવી મુશ્કેલ પરિસ્થિતિમાંથી આવા પરિવારને બહાર કાઢવા વર્ષો પહેલાં સામાજિક કાર્યકરો અને બુદ્ધિજીવીઓએ ચર્ચા-વિચારણા કરી અને એક માર્ગ કાઢ્યો અને એક એવું તારણ કાઢ્યું કે ચાર-છ પરિવારોમાંથી પરણાવવા લાયક યુવક-યુવતીઓને એકસાથે એક જ માંડવે પરણાવવામાં આવે તો કેમ અને તે માટે પ્રયત્નો થવા માંડ્યા અને તેનો જ્યારે અમલ કરવામાં આવ્યો ત્યારે તેને નામ આપવામાં આવ્યું 'સમૂહલગ્ન'. આમ સમૂહમાં લગ્ન કરાવવાનો પ્રારંભ થયો.

શરૂઆતમાં સમૂહમાં યોજાતાં આવાં લગ્નને જોઈએ એવો પ્રતિસાદ નહોતો સાંપડ્યો. ત્યારે એમ કહેવાતું કે સમૂહલગ્નમાં તો સામાન્ય કે ગરીબ પરિવારનાં સંતાનોનાં જ લગ્ન થાય. આ વાતને પ્રતિષ્ઠાનો વિષય બનાવવામાં આવ્યો. ગરીબ કે સાધારણ વર્ગના પરિવારો પોતાનાં સંતાનોને આવા સમૂહલગ્નમાં પરણાવવા રાજી નહોતા થતા, પરંતુ નજર સમક્ષ તાંડવલીલા કરતી મોંઘવારી, ટૂંકી આવક અને ઘરમાં ત્રણ-ચાર કે પાંચ સંતાનોની ઉપસ્થિતિ હોય ત્યારે માતા-પિતા શું કરે?

આવા સમયે અનેક સમાજોના આગેવાનો આગળ આવ્યા અને આવી પરિસ્થિતિનો સામનો કરી રહેલા પરિવારો સાથે ચર્ચા-વિચારણા કરી, પરિવારોના વડીલોને 'સમૂહલગ્ન'માં સહભાગી થવાના ફાયદા સમજાવ્યા અને ધીમેધીમે તેમને એ વાત સમજાવી કે 'સમૂહલગ્ન'માં ફક્ત ગરીબ કે મધ્યમ વર્ગના પરિવારોનાં સંતાનો જ નથી જોડાતાં, બલકે જમાનાને અનુરૂપ ઉચ્ચ મધ્યમ વર્ગ અને શ્રીમંતોનાં સંતાનો પણ એમાં હોંશેહોંશે જોડાતાં હોય છે. **'સમૂહલગ્ન'માં જોડાવામાં કોઈ પ્રકારની નાનપ નથી, બલકે એનાથી અનેક ચિંતાઓમાંથી મુક્ત થઈ જવાય છે, જેમ કે વાડીનો ખર્ચ, ડેકોરેશનનો ખર્ચ, જમણવારનો ખર્ચ, કંકોત્રીનો ખર્ચ, ગોરમહારાજનો ખર્ચ વગેરે ઉઠાવવો નથી પડતો.**

આવા 'સમૂહલગ્ન'માં ડિગ્રીધારકો, ડૉક્ટરો, એન્જિનિયરો અને ઉદ્યોગપતિઓનાં સંતાનો પણ સહભાગી થતાં હોય છે એ વાત સામાન્ય પરિવારોને સમજાવવામાં સમાજના આગેવાનોને ભારે જહેમત ઉઠાવવી પડી, પરંતુ ધીમેધીમે એમને સફળતા મળવા લાગી અને અનેક સમાજોમાં 'સમૂહલગ્ન' પ્રચલિત થવા માંડ્યાં.

બ્રાહ્મણ, વૈષ્ણવ, લોહાણા, કચ્છી, જૈન વગેરેએ બદલાઈ રહેલા સમય-સંજોગોને બરાબર પારખી 'સમૂહલગ્ન'ની અગત્યતાને સ્વીકારી પોતાના સમાજમાં 'સમૂહલગ્ન'ના આયોજનને આવકાર્યું. સાધારણ અને મધ્યમ વર્ગના પરિવારો શરમ, સંકોચ કે લઘુતાગ્રંથિ છોડી પોતાનાં સંતાનોનાં લગ્ન 'સમૂહલગ્ન'માં કરવાં લાગ્યાં.

આવા 'સમૂહલગ્ન'નાં આયોજનો વિસ્તરે અને વધુમાં વધુ યુવક-યુવતીઓ એમાં સહભાગી થાય એ માટે જે તે સમાજના પ્રતિષ્ઠિત આગેવાનો અને સમાજસુધારકો આગળ

આવ્યા અને આવાં આયોજનો દેશના ખૂણેખૂણે પ્રસરે એ માટે સતત પ્રયત્નો થવા લાગ્યા અને આજે એવો સમય આવ્યો છે કે ભારત દેશનો કોઈ પણ સમાજ એવો નહિ હોય કે જેમાં 'સમૂહલગ્ન'નું આયોજન ન થયું હોય કે ન થતું હોય.

એક 'સમૂહલગ્ન'ના આયોજન પાછળ જંગી ખર્ચ થતો હોય છે, પણ આ જંગી ખર્ચને પહોંચી વળવા જે તે સમાજના સખાવતી દાતાઓ ઉદારદિલે સહાય કરતા હોય છે. આ રકમ એકઠી કરવાં જે તે સમાજ-સંસ્થાના પ્રમુખશ્રી અને સહકાર્યકર્તાઓ 'સમૂહલગ્ન'ના આયોજન પહેલાં ત્રણ-ચાર મહિનાથી આવા શ્રેષ્ઠીવર્યોનો સંપર્ક કરતા હોય છે.

ઘરમાં એક લગ્ન પ્રસંગ હોય તોપણ કેટલાય દિવસો પહેલાંથી તૈયારીઓ શરૂ કરી દેવી પડતી હોય છે, જ્યારે આ તો અનેકોનાં સમૂહમાં લગ્ન કરાવવાનાં હોવાથી જે તે સંસ્થાના હોદ્દેદારો દિવસ-રાત એક કરી ભારે જહેમત ઉઠાવતા હોય છે. ધન્ય છે આવા કાર્યકર્તાઓને.

હાલ અનેક સમાજો દ્વારા 'સમૂહલગ્ન'નું ખૂબ જ ધામધૂમથી શાનદાર રીતે આયોજન કરવામાં આવે છે, જેમાં ભાગ લેનાર નવયુગલોને અંદાજે ૨૫,૦૦૦ રૂપિયાથી વધુની ઘરવખરીની ચીજો ભેટ આપવામાં આવે છે જેમાં વરરાજાને રિસ્ટ વૉચ, સફારી સૂટલેન્થ સાથે કન્યાને મંગળસૂત્ર, પાનેતર, કંકાવટી, ઘરચોળું જેવી શુકનની ચીજવસ્તુઓ આપવામાં આવે છે.

નવયુગલને ઘર વસાવવા માટે જોઈતી તમામ વસ્તુઓનો ઘરવખરીમાં સમાવેશ કરવામાં આવે છે. સખાવતી દાતાઓની દિલેરીને લઈ હવે તો યુગલ દીઠ કલર ટીવી સુધ્ધાં આપવામાં આવે છે. નવયુગલમાં બંને પક્ષને નિર્ધારિત કંકોત્રી અને જમવાના પાસ અગાઉથી જ આપી દેવામાં આવે છે.

'સમૂહલગ્ન'ને દિવસે જે તે દાતાના ઘરેથી જાન નીકળવાની હોય ત્યાં વરરાજાને કંકુ-ચાંદલો કરી પસ ભરાવવામાં આવે છે. જાનૈયાનું ખૂબ જ માન-સન્માન સાથે ઠંડાં પીણાંથી સ્વાગત કરવામાં આવે છે. બેન્ડ-વાજાની વ્યવસ્થા કરવામાં આવી હોય છે, જેના સથવારે જાનૈયાઓ નાચતા-ગાતા માંડવે પહોંચે છે. દરેક જાનૈયાઓનું સંપૂર્ણ આત્મગૌરવ જળવાય એનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે.

વાજતે-ગાજતે જાન માંડવે પહોંચતાં જ જે તે સમાજના પ્રમુખશ્રી જેઓ કન્યાના પિતા બન્યા હોય છે તેઓ જાનૈયાઓનું ઉષ્માભર્યું સ્વાગત કરે છે અને વેલકમ ડ્રિન્કથી તેમને તરબતર કરે છે. ત્યાર પછી કન્યા પક્ષ તરફથી વરરાજાને પોંખવાની પારંપરિક વિધિ ઉત્સાહપૂર્વક પાર પાડવામાં આવે છે અને બાદમાં વરરાજા હોંશેહોંશે માંડવામાં પ્રવેશે છે.

જેટલાં યુગલો હોય એટલા ગોરમહારાજની વ્યવસ્થા કરવામાં આવી હોય છે અને સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર મંત્રોચ્ચાર સાથે સાજન-મહાજનની ઉપસ્થિતિમાં વર-વધૂને પરણાવવામાં આવે છે. સ્ટેજને સુંદર રીતે શણગારવામાં આવેલ હોય છે અને આમંત્રિત મહેમાનો માટે વ્યવસ્થિત બેસવાની વ્યવસ્થા કરવામાં આવી હોય છે. ફોટોગ્રાફરની વ્યવસ્થા પણ હોય છે.

લગ્નવિધિ પત્યા બાદ સામાન્ય લગ્નમાં જેમ વરવધૂ માટે પંચોળાની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે બરોબર એ જ રીતે અહીં પણ વર-કન્યા માટે અલગથી પંચોળાની વ્યવસ્થા કરવામાં આવે છે. એવી જ રીતે જાનૈયાઓ માટે વિશાળ શમિયાણો બનાવવામાં આવ્યો હોય છે જ્યાં તેઓ માટે જમવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હોય છે. ભોજન સમારંભ પૂર્ણ થયા બાદ સૌ પોતપોતાની અનુકૂળતા મુજબ વિદાય લે છે. આમ સમૂહલગ્નનું આયોજન ભવ્યતાપૂર્વક પૂર્ણ થાય છે.

*(સાભાર)*


## સમૂહલગ્ન - ૧૯ માર્ચ ૨૦૧૭

**શ્રી કાઠિયાવાડ સેવા સમાજ-ઘાટકોપર**

મા. ગોદાવરીબહેન તથા શ્રી નગીનદાસ અને
શ્રી નરેશભાઈ (કાકા) હરિલાલ બિલખિયા
કાર્યાલય : ૬૨/૧ વલ્લભ સોસાયટી, બિલ્ડિંગ નં. ૧૪૮ સામે,
ન્યૂ પંતનગર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૭૫. ફોન : ૨૫૦૬ ૧૫૮૭.
**સમય : સવારે ૧૦ થી ૧૨.૩૦, સાંજે ૩.૩૦ થી ૬.૩૦**

**આયોજિત**

### ૨૩મો સમૂહલગ્ન

**ફાગણ વદ-૭, રવિવાર, તા. ૧૯.૩.૨૦૧૭ના**
**નિર્ધારિત કરેલ છે.**

યુગલમાં એક પક્ષ જૈન હોવો જરૂરી છે. દરેક યુગલને ૧૨૦ કંકોત્રી અને ૧૨૦ ભોજનના પાસ વિનામૂલ્યે આપવામાં આવશે. લગભગ રૂા. ૨૫,૦૦૦/-ની કિંમતની ગૃહઉપયોગી વસ્તુ ભેટ આપવામાં આવશે. આ માટે સંસ્થાની ઑફિસમાંથી ફૉર્મ ભરી તરત જ મોકલાવી આપશો. વધુ માહિતી માટે સંપર્ક :

**પ્રફુલ્લભાઈ સુતરિયા (મહામંત્રી-ટ્રસ્ટી) - ૯૮૧૯૬૪૫૫૫૦**
**હિતેશભાઈ બિલખીયા (મહામંત્રી-ટ્રસ્ટી) - ૯૮૨૦૦૧૫૧૬૪૬**
**મનસુખભાઈ કોઠારી (પ્રમુખ-ટ્રસ્ટી) - ૯૩૨૪૩૭૪૭૪૭**
**નિવેદક મનસુખભાઈ કોઠારી-પ્રમુખ તેમજ ટ્રસ્ટી ગણ અને કારોબારી સભ્યો**

Advt.

# દામ્પત્યજીવનની સફળતા

## સફળ દામ્પત્યના રાજમાર્ગ સુધી પહોંચવા પરસ્પરની સમજદારી, સહનશીલતાની કેડી પરથી પસાર થવું રહ્યું

લગ્નસંસ્થા એ સમાજનું અવિભાજ્ય અંગ છે, પાયારૂપ અંગ છે, પણ આ પાયા હલબલી ગયા હોય એવું લાગે છે અને એની ધ્રુજારી સમાજ અનુભવી રહ્યો છે. લગ્નને બે મહિના નથી થયા અને છૂટાછેડાની અરજી સમાજ પાસે આવે છે. એકાદ નાનું બાળક છે ને છૂટાછેડાનો કેસ દાખલ કરવામાં આવે છે. પોતાના નાનકડા અહમ્ માટે આવાં માસૂમ સંતાનોના ભવિષ્યને અંધારી કોતરમાં ધકેલી દેવામાં આવે છે. એને મા-બાપનો પ્રેમ કોણ આપશે? સમાજમાં ઊંચે મસ્તકે એ ચાલી શકશે? લાખેણો સવાલ એ છે કે આમાં એનો દોષ કેટલો? જો આવું જ કરવું હોત તો શા માટે એને જન્મ આપ્યો? પોતાના નાનકડા સ્વાર્થ ખાતર આવા નિર્દોષ બાલુડાઓની જિંદગીઓ દાવ પર લગાડી દેવાની? ક્યારેક એ ભૂલકાની આંખમાં આંખ પરોવી તો જોજો. મમ્મી-પપ્પાના પ્રેમની પ્યાસી હોય છે આ આંખો. આ નિર્દોષ આંખોની પ્રેમની અતૃપ્ત તરસ બુઝાવવા પણ મમ્મી-પપ્પાએ એક થવું રહ્યું.

બીજું પાત્ર સારું મળશે એ ભ્રમમાં આ પાત્રને છોડી દેવાની વાત કેટલી વાહિયાત છે! લગ્નજીવન એ કંઈ નાનકડા છોકરાઓની ઘરઘર રમવાની રમત થોડી છે? પિક્ચરમાં કે જોક્સમાં રમૂજ ખાતર ઠીક છે આ બધી વાતો, પણ વાસ્તવિકતા કંઈક નક્કર માગે છે. બીજું નવું પાત્ર એનાથી પણ બદતર નહિ મળે એની શું ખાતરી? એકને ન સાચવી શક્યા તો બીજાને પણ કેટલે અંશે સાચવી શકીશું? એ એક સવાલ છે.

એક સાધુનો પ્રસંગ અહીં યાદ આવે છે. ગામને પાદરે બેઠેલા સાધુને એક વટેમાર્ગુ પૂછે છે કે આ ગામ કેવું છે? મારે થોડા દિવસ અહીં રહેવું પડશે. સાધુ પૂછે છે કે તમે જ્યાંથી આવો છો એ ગામ કેવું હતું? 'મહારાજ! એ ગામથી તોબા તોબા! હું કંટાળી ગયો છું આ ઝઘડાખોર લોકોથી.' વટેમાર્ગુએ હૈયાવરાળ કાઢી. સાધુએ કહ્યું, 'આ ગામમાં એના કરતાં વધારે ઝઘડાખોર લોકો છે, તમારું જીવન હરામ કરી નાખશે.' ઠીક છે ન છૂટકે થોડા દિવસ તો રહેવું જ પડશે. કહીને એ ભાઈ ચાલતા થયા. થોડા દિવસ પછી બીજો મુસાફિર અહીંથી પસાર થતાં સાધુને એ જ ગામના લોકો વિશે પૂછે છે, સાધુ પણ એ રીતે એના જૂના ગામ વિશે પૂછે છે. એ માણસ જણાવે છે કે એ ગામ તો નંદનવન સમાન છે. બધા એક પરિવારની જેમ રહે છે. ગામ છોડવાનું મન જ ન થાય, પણ સંજોગોવસાત્ થોડા દિવસ આ ગામમાં મારે રહેવું પડશે. સાધુ કહે છે કે ભાઈ, ચિંતા ન કરો, આ ગામના લોકો બહુ જ પ્રેમાળ છે. તમને એ ગામની યાદ નહીં આવવા દે. આ ભાઈ ખુશ થઈ એ ગામ તરફ પ્રયાણ કરે છે. સાધુની બાજુમાં બેઠેલા શિષ્ય અસમંજસમાં પડી જાય છે. તે ગુરુને પૂછે છે કે તમે બે વિરોધાભાસી જવાબ આપ્યા એની એમને સમજણ પડી નહિ.

ગુરુ કહે છે, સીધી-સાદી વાત છે. કોઈ લોકો કેવા છે એનો આધાર આપણા પર પણ રહેલો છે. પ્રથમ વટેમાર્ગુ ઝઘડાખોર હતો, એ જ્યાં પણ જશે ઝઘડા જ કરશે. બીજાનું વર્તન પ્રેમાળ હતું. પરિણામે એ બધી જગાએ સ્નેહનું વર્તુળ રચશે. સાધુનું આ દૃષ્ટાંત લગ્નજીવનરૂપી ગામ તરફ આગળ વધી રહેલા પતિ-પત્નીરૂપી વટેમાર્ગુને લાગુ પડે છે. એક પાત્ર જો કજિયાખોર લાગ્યું હોય તો બીજું પાત્ર સ્નેહસભર જ મળશે એમ કેમ કહી શકાય?

સફળ દાંપત્યના રાજમાર્ગ સુધી પહોંચી પરસ્પરની સમજદારી, સહનશીલતાની કેડી પરથી પસાર થવું રહ્યું. **દામ્પત્યજીવન એટલે સંસાર પસાર કરતાં કરતાં જાણે-અજાણે એકબીજાથી ભૂલો તો થતી જ રહેવાની, તેથી બેમાંથી જે વધારે સમજુ હોય તેણે તે ભૂલ માફ કરી દેવી જોઈએ અને તે ભૂલ તેને બતાવીને ફરીથી તે ભૂલ ન થાય તેવું પ્રેમથી સમજાવવું જોઈએ.** આ વ્યક્તિ સારી કે તે વ્યક્તિ સારી એવા ખોટા ખયાલમાં કે ભ્રમમાં રહ્યા વગર વ્યક્તિએ જેની સાથે લગ્ન થયું હોય તેની સાથે જ આખી જિંદગી વિતાવવી જોઈએ અને આ સહવાસ સહજીવનમાં પરિવર્તન થવું જોઈએ. તેનાં માટે ત્રણ તત્ત્વો જરૂરી છે (૧) વિશ્વાસ (૨) પ્રેમ અને (૩) સમજણ.

સ્વામી સચ્ચિદાનંદજીએ કહ્યું છે – પ્રેમ તથા વિશ્વાસ કપૂર જેવાં સંવેદનશીલ તત્ત્વો છે. સમજણની મજબૂત ડબ્બીમાં જ તે સાચવી શકાતાં હોય છે! જો તેમને ખુલ્લા મૂકી દેવામાં આવે તો ઘટી કે સમાપ્ત થઈ જતાં વાર નથી લાગતી. કેટલીક વ્યક્તિઓમાં આ પ્રકારની સૂઝ અને સમજણ એટલી સરસ હોય છે કે ક્યાં અને ક્યારે કેટલું ખેંચવું અને ક્યાં અને કેટલી ઢીલ મૂકવી એ તેઓ બરાબર સમજતા હોય છે. એમ જ કહો ને કે સામી વ્યક્તિની નાડ તેઓ બરાબર જાણતા હોય છે! સંબંધને દૃઢ અને મધુર બનાવવાની કળા એમને વરેલી હોય છે.

સ્ત્રી અને પુરુષને પત્ની તથા પતિના રૂપમાં સંયુક્ત કરીને સમાજ બંધારણે એક બહુ મોટી જવાબદારી પૂરી કરી અને જવાબદારીનો ભાર દામ્પત્યજીવન પર મૂકી દીધો. આ જવાબદારી સુંદર રીતે નિભાવવાની, સહ-વાસને સુંદર સહજીવનમાં ફેરવવું આ પતિ-પત્ની માટે મોટા પડકારો છે. એમાં પલાયનવાદી થવું કે પડકાર ઝીલી ઉત્તમ દૃષ્ટાંત પ્રસ્થાપિત કરવું એ એમના હાથમાં છે. *(સાભાર 'સર્જનહાર')*

---

## દીકરીની વિદાય વેળાએ શ્રીફળનું મહત્ત્વ

આપણા રિવાજોમાં એક એવો રિવાજ પણ છે કે જ્યારે પરણીને દીકરી સાસરે જતી હોય, ત્યારે તેના પિયરમાંથી કોઈ જે વાહનમાં દીકરી જવાની હોય તે વાહનનું પૈડું સીંચે. સીંચવાનો મતલબ અહીં કૂવામાંથી પાણીની જેમ નહીં, પરંતુ સીંચવું એટલે કે તે વાહનના જમણા પૈડા હેઠળ શ્રીફળ મૂકવું અને તે શ્રીફળના ટુકડા કરી વાહનનું પૈડું આગળ વધી જાય.

આનો સૂચક મતલબ એ કે જે શ્રીફળ છે તે, તે સાસરે જતી દીકરીના પિતાનું હૃદય છે, કાળજું છે કે જ્યારે તેની દીકરી સાસરે જતી હોય ત્યારે વિદાય વખતે... અને જ્યારે પૈડું શ્રીફળના ટુકડેટુકડા કરી આગળ વધી જાય ત્યારે તે માત્ર શ્રીફળના જ ટુકડા નથી થતા, પરંતુ તે દીકરીના બાપના-પિતાના હૈયાના હૃદયના ટુકડા થઈ જતા હોય છે. કન્યાવિદાય જેવો કરુણ મંગળપ્રસંગ કોઈ નથી. હાં, ભલભલા ચમરબંધીઓની આંખો પણ આ કરુણ (અહીં દુઃખ છે, પણ આ દુખદ પ્રસંગ નથી, માટે 'કરુણ') પ્રસંગે ભીની થઈ જતી હોય છે અને જો ના થતી હોય તો સમજવું કે તે માણસ છે, પણ તેનામાં લાગણીનો છાંટોય નથી... કહે છે ને કે પથ્થરદિલ હોય છે, કારણકે દોસ્ત, જે દીકરીને લક્ષ્મીની જેમ સાચવીને, જતન કરીને મોટી કરીએ, ભણાવીએ-ગણાવીએ અને સંસ્કારો સીંચી તેને એ કાબેલ અને સક્ષમ બનાવીએ ને કહે છે ને કે 'દીકરી હંમેશાં બે કુળ તારે...' ભલે ને એ જ્યારથી જન્મી હોય ત્યારથી જ આપણે જાણતા હોઈએ કે એક દિવસ આને સાસરે વળાવવાની છે, છતાં દુનિયાના તમામ પિતાઓ આ પ્રસંગે એક અકથ્ય લાગણીનો અનુભવ કરતા હોય છે, જેમાં દીકરીને વળાવવાનું દુઃખ હોય તેમ તેના નવા જીવનની શુભ શરૂઆતનો આનંદ હોય, હર્ષ હોય, છતાં આ પ્રસંગ જ એવો કરુણ છે કે ભલભલાની આંખે ઝાકળ બાજે અને મારું માનવું છે કે માટે જ વિદાય વેળાએ આ પૈડું સીંચવાનો રિવાજ ચલણમાં આવ્યો હશે કે જે શ્રીફળના ટુકડેટુકડા થઈ જાય છે તે શ્રીફળના ટુકડા કન્યાના ખોળામાં કે હાથમાં મૂકવામાં આવે છે. આમ કરવા પાછળ રહેલ વૈદિક કે શાસ્ત્રીય પ્રથાનો મને ખયાલ નથી તે અહીં નમ્રતાપૂર્વક કહું છું અને સ્વીકારું છું, પણ આમ કરવા પાછળ રહેલ હેતુનો મને અનુભવ પણ કહી શકાય અને જાણ પણ કહી શકાય કે સમજવા જેવી વાત છે. કન્યા કે દીકરી જે સાસરે જતી હોય ત્યારે વિદાય ટાણે ખૂબ ખૂબ રોતી હોય છે, તેને પારાવાર દુઃખ થતું હોય છે, તેની પીડા તે આંસુઓ દ્વારા વ્યક્ત કરતી હોય છે કે જેમની સાથે રમીને-ભણીને-રહીને ખાઈ-પીને મજા કરીને જલસાથી, લહેરથી મોટી થઈ હોય અને આજે આ બધું પાછળ છોડીને તેના આવનારા અને શરૂ થનારા નવજીવનમાં આગળ ધપવાનું હોય છે આનો એક રોમાંચ પણ હોય. સાથોસાથ આ બધું છોડવાનું પારાવાર દર્દ પણ... અને જેમ વધુ રડીએ તેમ માણસને પાણીની તરસ પણ લાગે, પણ કહેવું કોને? કારણકે હજુ તો આ તેની શરૂઆત છે. સૌ કોઈ હજુ અજાણ્યા છે, તો? આ માટે કન્યાનો પિતા તે શ્રીફળના ટુકડા કન્યાના હાથમાં મૂકે છે કે તેને જ્યારે તરસ લાગે તો તે શ્રીફળના ટુકડા ખાઈને તે તેની તરસ છીપાવી શકે. કેટલી મંગળ ભાવના, કેટલો સુંદર વિચાર...

મિત્રો, આવો છે આપણા ગુજરાતી સમાજમાં એક બાપ, એક પિતાનો અને દીકરીનો સુગંધી સંબંધ. જે દીકરીને વર્ષો સુધી પોતાની નજર સામે રાખી તેનું જતન કર્યું અને આજે તેને કોઈ બીજાના હાથમાં સોંપી છે તે તેનું કેવુંક ધ્યાન રાખશે? આ પીડા તો એક પિતા જ જાણી શકે... અથવા તે, જેની પર આ વીતી ચૂક્યું હોય.

■ *જિજ્ઞેશ ઉપાધ્યાય*

જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા નીચેનાં સર્વે સેન્ટરો તથા સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીના જન્મદિવસ નિમિત્તે ચૅરમૅન હાર્દિક શુભેચ્છા પાઠવે છે

| S. No. | Name Of Centre | Charter Date | President | Mobile No | Secretary | Mobile No. |
|---|---|---|---|---|---|---|
| 1 | Gem Jagdusha | 01-12-1988 | Darshak Rupani | 9821414420 | Ketan Karani | 9869244218 |
| 2 | Chotila | 01-12-1996 | Kirit Shah | 9825237462 | Chandresh Sanghvi | 9825489229 |
| 3 | Botad | 07-12-1998 | Raja Kothari | 9824887008 | Kamlesh Gopani | 9824856605 |
| 4 | Paliyad | 07-12-1998 | Hitesh Shah | 9427430853 | Nitin Shah | 9913837300 |
| 5 | Udaipur | 10-12-2000 | Rajkumar Fattawar | 9414161279 | Shyam Nagori | 9352524399 |
| 6 | Ladies Wing Udaipur | 10-12-2002 | Sushila Mehta | 9829354582 | Kusum Bhansali | 9950928649 |
| 7 | Deesa | 21-12-1996 | Ketan Zalmora | 9898125258 | Satish Bagarecha | 9825278620 |
| 8 | Patan | 22-12-1996 | Mukesh Shah | 9825435222 | Kishor Mehta | 9898636370 |
| 9 | Visnagar | 22-12-1996 | Nandlal Shah | 9375612764 | Rahul Shah | 9825054488 |

## JJC CENTRAL BOARD

| Sr. No. | Name | Date of Birth | Mobile No. | Email ID |
|---|---|---|---|---|
| 1 | Praful V. Kamdar | 06-12-1961 | 9820038664 | prafulkamdar2007@yahoo.co.in |
| 2 | Kishor S. Sheth | 02-12-1956 | 9889870333 | kishor.anco@gmail.com |
| 3 | Jayanti K. Chhadva | 10-12-1953 | 9821120217 | jayantichhadva@gmail.com |
| 4 | Uday D. Sanghvi | 13-12-1992 | 9820013861 | udaysanghvi@gmail.com |
| 5 | Anilbhai G. Doshi | 01-12-1973 | 9324081810 | packinghouse77@yahoo.co.in |
| 6 | Ramesh M. Sanghvi | 12-12-1944 | 9321323222 | sanghvi.ramesh9@gmail.com |
| 7 | Rajesh C. Gandhi | 29-12-1985 | 9821069989 | rajesh@kompressindia.com |

## JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST

| Sr. No. | Name | Date of Birth | Mobile No. | Email ID |
|---|---|---|---|---|
| 1 | Hasmukh K. Dedhia | 17-12-1975 | 9820229626 | hkdedhia@yahoo.com |

# અપેક્ષા અને ઉપેક્ષા

## બન્ને દામ્પત્યસુખના મહાશત્રુઓ છે!

■ રોહિત શાહ

પતિ-પત્ની બન્નેને પરસ્પર પ્રત્યે કોઈ ને કોઈ અપેક્ષા હોય તે સ્વાભાવિક છે અને એવી અપેક્ષા પૂરી કરવી એ દામ્પત્યસુખની ચાવી છે. પત્નીની અપેક્ષા હોય કે પતિ તેની રસોઈની પ્રશંસા કરે, સાડી અને સજાવટની પ્રશંસા કરે, ઘરમાં સ્વચ્છતા જોઈને તેને અભિનંદન આપે. એ જ રીતે પતિની અપેક્ષા હોય કે પત્ની નાનીનાની દરેક બાબતમાં પોતાની સંભાળ રાખે. પોતે ઑફિસેથી આવે ત્યારે મધુર સ્મિત સાથે શીતળ જળનો પ્યાલો આપે. પોતાના વિચારો સાથે મતભેદ કર્યા વિના હૂંફાળી સંમતિ આપે. આ અપેક્ષાઓ કેવી નાનકડી છે! બીજી રીતે વિચારીએ તો, એકમેક પ્રત્યેની લાગણીને અભિવ્યક્ત કરવાની આ ઉત્તમ તકો છે. આ રીતે પરસ્પરના પૂરક બનીને દામ્પત્યજીવનની મધુરતાને મહેકાવવાનો ધન્ય અવસર છે! પરંતુ, અપેક્ષા એ દુઃખની જનેતા છે.

સાચું દામ્પત્યસુખ એમાં છે કે આપણે સામેના પાત્રની અપેક્ષાઓને ઉમળકાપૂર્વક નિભાવીએ અને છતાં આપણે કોઈ અપેક્ષા ન રાખીએ. સ્વાભાવિક અપેક્ષા પ્રત્યે પણ જડ વલણ ના દાખવીએ. કોઈ વાર આપણી અપેક્ષા મુજબ સામેથી પ્રતિભાવ ન મળે તોય આપણો સમભાવ ઓછો ન કરીએ, પણ વિશેષ સહાનુભૂતિથી સામેના પાત્ર પ્રત્યે કોમળ વલણ દાખવીએ. નાનકડી અપેક્ષાની વિફળતા કોઈ વાર મોટી વેદના જગાડે છે. તેથી શક્ય એટલું વધુ સમાધાન કરતાં રહેવું, ફરિયાદો કરવાને બદલે આત્મીયતા સુદૃઢ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

અપેક્ષા રાખવાનો તમને હક છે, પણ અપેક્ષાને ક્યારેક ભૂલી જવી એ તમારું કર્તવ્ય પણ છે, વળી અપેક્ષાને ક્યારેય સરહદ નથી હોતી? દરેક ક્ષેત્રમાં આપણી અપેક્ષા રાખીને જ આપણે બધો વ્યવહાર કરતા હોઈએ છીએ ને! પરંતુ બહારના ક્ષેત્રમાં આપણી અપેક્ષા ન ફળે તો આપણે મન વાળીને ચૂપચાપ બેસી રહીએ છીએ. ત્રાહિત વ્યક્તિ સામે આપણે આપણી કોઈ અપેક્ષાનો તકાદો કરતા નથી, પરંતુ ઘરની વ્યક્તિ સામે, પોતાના સ્વજન સામે આપણે તકાદો અને ફરિયાદ કરવા માંડીએ છીએ.

અપેક્ષામાં જીદ ના હોવી જોઈએ. મમત્વ ના હોવું જોઈએ. 'હું સરસ રસોઈ બનાવું છું, તમારી પળેપળે સંભાળ રાખું છું, પણ તમે મારા માટે કદીય સારું બોલતા જ નથી!' તમને મારી કદર જ નથી. આવું કહીને પ્રશંસા માગવાની ના હોય. અથવા તો, 'હું બહારથી થાક્યોપાક્યો આવું છું પણ તને મારી પાસે બેસીને બે ઘડી વાત કરવાની ફુરસદ પણ હોતી નથી! તને મારા પ્રત્યે પ્રેમની લાગણી જ નથી! એમ કહીને ઉપેક્ષા કરવી પણ યોગ્ય નથી. અપેક્ષા તો દુઃખ જ આપે છે, પણ ઉપેક્ષા તો એથીય વિશેષ દુઃખ આપે છે.

અપેક્ષા અને ઉપેક્ષા દામ્પત્યસુખના મહાશત્રુઓ છે.

પત્નીને અપેક્ષા હતી કે આવતી કાલે મારો જન્મદિવસ છે, તેથી મારો પતિ ઑફિસે રજા રાખે અને આખો દિવસ મારી સાથે રહે. મને વિશેષ પ્રેમથી તરબોળ કરી મૂકે અને પતિ એવું જ કરવા ઉત્સુક હતો, પણ પરિસ્થિતિ અનુકૂળ ન બની. ઑફિસમાંથી રજા ન મળી. પત્નીને ભેટ આપવાની વસ્તુ ખરીદવા બજારમાં જવા છતાં મનગમતી ચીજ ના મળી. પતિને ભારે દિલગીરી ઊપજી. પત્નીને જન્મદિવસે ભેટ તો ના આપી શકાઈ, પરંતુ તેને માટે ફુરસદ પણ ના મળી! હવે પતિની દિલગીરીને સમજ્યા વિના પત્ની જો મોરચો માંડે, કડવાં વેણ કહે, રિસાઈને બેસી જાય તો પતિની લાગણીને કેવો આઘાત લાગે?

કોઈ વખત પતિના મિત્રોને ઘેર બોલાવ્યા હોય અને પતિને અપેક્ષા હોય કે તેની પત્ની સૌને પ્રસન્નતાથી આવકારે. ખૂબ આનંદથી સૌની સાથે વાતો કરે. સરસ વાનગી બનાવીને બધા મિત્રોને આનંદથી જમાડે. પત્નીને અગાઉથી બધો કાર્યક્રમ સમજાવી રાખ્યો હોય. પત્ની હૃદયપૂર્વક એવું કરવા ઈચ્છતી પણ હોય, પરંતુ પત્નીની તબિયત ઠીક ના હોય, કોઈ અણગમતી ઘટના ઓચિંતી બની ગઈ હોય.. મિત્રોની સાથે ઉમળકાભર્યો વ્યવહાર કરવાની કોશિશ કરવા છતાં પત્ની એમ ના કરી શકે ત્યારે પતિ ગુસ્સે થઈને સૌની સામે પત્નીને અપમાનિત કરે તો પત્નીની લાગણીને કેવો આઘાત લાગે!

આપણી અપેક્ષા સામેના પાત્રની લાગણી જ ના સમજી શકે એટલી કઠોર ના હોવી જોઈએ. ખરી વાત તો એ કે, આપણી અપેક્ષા કરતાં સામેના પાત્રની લાગણીને સમજવાની તૈયારી જ મહત્ત્વની છે.

# કરિયાવર

ચંદ્રકાતભાઈએ ખૂબ જ ખુશ થતાથતા ઘરમાં પ્રવેશ કરી મોટા અવાજે બોંબ પાડી સાંભળ્યું ? આ સાંભળી ચંદ્રકાંતભાઈના પત્ની મીતાબેન હાથમાં પાણીનો ગ્લાસ લઈને બહાર આવ્યાં.

આપણી દિવ્યાનું માગું આવ્યું છે. ખાધેપીધે સુખી ઘર છે. છોકરાનું નામ કરણ છે અને કૉર્પોરેટ ઑફિસમાં સારી નોકરી કરે છે. દિવ્યા કહે એટલે સગાઈ કરી દઈએ. દિવ્યા એમની એકની એક દિકરી હતી. ઘરમાં હંમેશા આનંદનું વાતાવરણ રહેતું. ક્યારેક ચંદ્રકાતભાઈના સિગરેટ અને પાનમસાલાના વ્યસનને લઈને મીતાબેન અને દિવ્યા બોલતા પણ ખરા, પણ ચંદ્રકાંતભાઈ ક્યારેક ગુસ્સામાં અને ક્યારેક મજાકમાં આ વાતને ટાળી દેતા. દિવ્યા ખુબજ સમઝદાર અને સંસ્કારી હતી. બી.એસ.સી. પાસ કરીને પપ્પાને મદતરૂપ થવા માટે હંમેશા કઈને કઈ કામ કરતી હતી. હવે તો દિવ્યા ડબલ ગ્રેજ્યુએટ થઈ ગઈ હતી. નોકરી પણ ખુબ જ સરસ હતી પણ ચંદ્રકાંતભાઈ એની આવકનો એક રૂપિયો પણ લેતા નહી અને હંમેશા કહેતા બેટા આ તારી પાસે રાખ, તારે ભવિષ્યમાં કામ લાગશે. બન્ને ઘરની સહમતીથી દિવ્યા અને કરણની સગાઈ કરી દેવાય અને લગ્નનું મુહૂર્ત પણ જોવડાવી લીધું.

લગ્નને આડે હવે માંડ ૨૦-૨૫ દિવસ બાકી હતાં ત્યારે ચંદ્રકાંતભાઈએ દિવ્યાને પાસે બેસાડીને કહ્યું બેટા તારા સસરા કરિયાવરની ના પાડે છે. પરંતુ મે તારા લગ્ન માટે થોડી બચત કરી રાખી છે. માટે હું તને બે લાખનું ચેક આપું છું. ભવિષ્યમાં તને કામ લાગશે. તું તારા એકાઉન્ટમાં જમા કરાવી દેજે. ભલે, પપ્પા એમ કહીને એમણે ટુંકો જવાબ આપીને પોતાની રૂમમાં જતી રહી.

લગ્નને દિવસે આંગણે જાન આવી. બધાના હરખનો પાર નથી. ગોરબાપાએ ચોરીમાં લગ્નની વિધિ શરૂ કરી. ફેરા ફરવાની ઘડી આવી. એજ સમયે દિવ્યાના હૈયાથી બે શબ્દ નીકળ્યા. પપ્પા મને તમારી સાથે વાત કરવી છે. તમે મને ભણાવી ગણાવી ખૂબ પ્રેમ આપ્યો. એનું ઋણ તો હું ચુકવી નહિ શકું પરંતુ કરણ અને મારા સસરાના સહમતીથી તમે આપેલો બે લાખનું ચેક હું પાછો આપું છું. પરંતુ પપ્પા હું તમારી પાસે કરિયાવરમાં જે માગુ તે આપશો.

ચંદ્રકાતભાઈ ભારે અવાજમાં માત્ર હા બેટા એટલુંજ બોલી શક્યા. તો પપ્પા મને વચન આપો કે આજ પછી તમે સિગરેટને હાથ નહી લગાવું, તમાકુ અને મસાલાનું વ્યસન આજથી છોડી દેશો. બસ કરિયાવરમાં આટલુંજ માગુ છું.

ચંદ્રકાતભાઈ બધાની હાજરીમાં ના કઈ રીતે કહી શકે. વિદાય વખતે કન્યા પક્ષના સગાના તો રડતા જોયા હશે, પણ આજે તો જાનૈયાની આંખો પણ ભીંજાઈ ગઈ. પણ એક સવાલ મનમાં જરૂર થાય છે કે ભૃણ હત્યા કરતા સમાજના સંસ્કારી લોકોને દિવ્યા જેવી લક્ષ્મીની જરૂર નહી હોય ?

*- સાભાર*


**શ્રી સૌરાષ્ટ્ર દશ તાલુકા સ્થાનકવાસી જૈન સમાજ, મલાડ**

રવિરાજ એપાર્ટમેન્ટ, એ વિંગ, બ્લોક નં. ૧, ગ્રા. ફ્લોર,
મામલતદાર વાડી રોડ નં. ૩, મલાડ (વે), મુંબઈ-૬૪. ટે.: ૨૮૮૮૯૯૪૬
રજિ. નં. ૨૬૧૮ (બોમ્બે) તા. ૩૧-૫-૬૩ ઓફિસ ટાઈમ : ૧૦ થી ૧
E-mail : dastaluka@gmail.com

**ઉપરોક્ત સંસ્થા દ્વારા આયોજીત**

**૩૬મા સમુહલગ્નનું આયોજન**

**તા. ૧૮.૧૨.૨૦૧૬ના રોજ કરવામાં આવેલ છે.**

વહેલો તે પહેલોના ધોરણે સંસ્થાની ઓફિસમાં નામ લખાવવા વિનંતી.

લિ.

**શ્રી સૌરાષ્ટ્ર દશતાલુકા સ્થાનકવાસી જૈન સમાજ, મલાડ**

કિશોરભાઈ ઝવેરચંદ દોશી – ૯૩૨૩૨૫૫૪૫૧
ભીખુભાઈ મુળજીભાઈ કપાસી – ૯૮૭૦૦૬૬૯૯૦
અનિલભાઈ જયંતિલાલ ગાંધી – ૯૩૨૨૦૧૬૧૮૩
ભરતભાઈ મનસુખલાલ ધોળકીયા – ૯૮૨૦૨૦૩૮૫૧

Advt.

**बिना दवाई के सरल और सचोट उपचार से, रजवाडी ठाठ से जीने की कला**

♦ हार्ट ब्लोकेजेस कम करना ♦ कमर दर्द ♦ साईटीका का पिडादायक दर्द ♦ स्पोडीलाईसीस ♦ घुटने का दर्द ♦ माईग्रेन ♦ डिप्रेसन ♦ वजन घटाना एवं अन्य रोगों के इलाज की सलाह और उपचार किसी भी तरह की दवा दिये बिना और आप जो दवाईयां ले रहे है वह बंद करवाये बिना सिर्फ बाहरी उपचार, बिना साईड इफेक्ट, नुकसान रहित और लाभदायक ।

*नीचे की अल्टरनेटीव थैरेपी का उपयोग करके।*

मेरीडीयन मसाज थैरेपी ♦ एक्युप्रेसर थैरेपी ♦ पास थैरेपी ♦ बुहांग इनस्टूमेंट
♦ सभी मेरीडीयनोलेजी पर आधारित और नेचरोपथी थैरेपी के विशेषज्ञ

*आपके घर आकर तपास कर सही इलाज किया जायेगा।*

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.

Advt. **Mob.: 9820002953 •Tel.: 022-24121234**

## BIO-DATA



**Name : Dr. NIRAV MUKESH SHAH**
Date of Birth : 16.01.1988
Place of Birth : Mumbai, Time : 11.4 pm.
Native Place : Surendranagar - Tuva.
Caste & Religion : Zalawadi Sthanakvasi Visha Shrimali Jain
Height / Weight : 5'-4" / 55 kgs.
Education : B.D.S. (D.Y. Patil Dental College & Hospital, Navi Mumbai)
Clinic : Happy Teeth Dental Clinic
Shop No. 29, Viral Apt., S. V. Road, Opp. Shopper's Stop, Andheri (West), Mumbai - 400 058, Tel. : 26701574 (M) : 9820613380
Also Working at : All India Women's Conference Trust Jogeshwari (East),
Hobbies : Travelling, Sports
Resi. Address : B/204, The Platinum, Juhu Lane, Corner of Azad Lane, Andheri (West), Mumbai - 400 058.

**Family Details :**
Father's Name : Mukesh Rasiklal Shah(Chasmawala)
Secretary - Shree Zalawadi Stha.Jain Mitra Mandal
Secretary - Jain Social Group, Juhu Beach Centre
Treasurer - Jain International Trade Organisation JITO
Com. Member - Shree Zalawadi Stha. Jain Sabha (Mumbai)
Business : Classic Opticians & N. R. Optical Co.
Shop No. 5, Platinum Bldg., Juhu Lane, Corner of Azad Lane, Andheri (West), Mumbai - 400 058.
Tel.: 26701572, Mob.: 9819183325
Mother's Name : Heena Mukesh Shah (Housewife)
Grand Father : Late Rasiklal Sukhlal Shah
Grand Mother : Late Kokilaben Rasiklal Shah
Sister : Hinal Mukesh Shah (Younger)-Engaged with CA. Manan Pankaj Shah (Sion) M.B.A. (Finance) working at Akruti Centre Point
Uncle : Rajesh Rasiklal Shah & Hitesh Rasiklal Shah
Mosal : Late Mansukhlal Harjivandas Shah, Sion Nareshbhai (Sion) Dineshbhai (Kandivali)
E-mail ID : shahmukesh70@yahoo.com
dmiravshah1988@gmail.com

Advt.

## BIO-DATA



**Name : Mr. Cheenttan J. Vora**
Date of Birth : 25th December, 1982
Time of Birth : 7.00 am
Height : 5'-10"
Complexion : Fair
Caste : Gujarati Jain Shwetamber, Ghoghari
Native Place : Bagasara, Gujarat
Qualification : MBA, Great Lakes Institute of Management, B.S.C.-Computer Science
Current Location : London

**Family Background :**

**Father Details :**
Name : Jawahar Ratilal Vora
Occupation : Business - Industrial Tools
Mobible : +91 9380159957
Address : 26 Ritherdon Road, B/7, Vepery, Chennai - 600007.

**Mother Details:**
Name : Indu Jawahar Vora
Occupation : House Wife

**Brother Details:**
Name : Darshan J. Vora
Occupation : Business - Industrial Tools

**Uncle Details :**
Name : Jitendra Ratilal Vora
Occupation : Business - Industrial Tools
Address : 63/64, A-1 New Krishnadham, Mulund (West), Mumbai - 400 080.
Mobile : 09821330787
Mosal : Jayantibhai Vora
Sorath

Advt.

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઇ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | રાજ નરેશભાઇ શાહ, ૨૨-૫-૧૯૮૬, ૬'-૦''<br>સી.એ. | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>માંગરોળ - ઘાટકોપર | (ઘર) ૨૫૧૪૯૦૧૮<br>(મો) ૯૩૨૪૩૧૫૭૭૭ |
| ૨) | અમિતભાઇ નરેશભાઇ શાહ, ૧૦-૧૧-૧૯૮૧, ૫'-૭''<br>B.Com., - | દેરા. શ્વેતા. મૂ. વિશા ઓસવાળ<br>પાલનપુર – બોરીવલી | (મો) ૯૩૨૦૮૭૪૯૧૧<br>(મો) ૮૨૯૧૦૩૧૫૩૩ |
| ૩) | નિશિત કિશોરભાઇ શાહ, ૨૩-૧૧-૧૯૮૪, ૫'-૯''<br>B.E.(I.T.) – | શ્વેતાંબર દેરાવાસી જૈન<br>સિદ્ધપુર - વિલેપાર્લે | (ઘર) —<br>(મો) — |
| ૪) | અમિત નલિનભાઇ શાહ, ૧૯-૨-૧૯૮૩, ૫'-૧૦''<br>B.Com., M.Com., - | વિશા ઓસવાળ દેરાવાસી જૈન<br>વેરાવળ - અંધેરી | (ઘર) ૨૬૨૦૯૬૫૬<br>(મો) ૯૮૨૦૪૫૭૦૮૭ |
| ૫) | મીનય મહેશભાઇ મહેતા, ૪-૧૧-૧૯૮૮, ૬'-૦''<br>M.B.A., B.M.S., નિર્દોષ છુટાછેડા | ઘોઘારી વિશાશ્રીમાળી જૈન<br>દીહોર - ભાયંદર | (મો) ૯૩૨૦૫૪૪૩૫૧<br>(મો) ૯૮૬૯૬૭૧૭૦૫ |
| ૬) | શેખર પ્રફુલકુમાર શાહ, ૧૯-૭-૧૯૮૬, ૫'-૬''<br>B.A., L.L.B. - | જૈન દેરાવાસી<br>હિંમતનગર – | (ઘર) —<br>(મો) ૯૯૭૪૬૦૫૯૮૯ |
| ૭) | મિતુલ અનિલકુમાર સંઘાણી, ૩૧-૩-૧૯૮૮, ૫'-૧૧''<br>C.A., Pursuing ACCA (UK), – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ગોંડલ – મલાડ (વે) | (મો) ૯૦૨૯૨૫૮૯૯૧<br>૯૯૩૦૨૭૪૬૨૦ |
| ૮) | તેજસ ચંદ્રકાંત ટિંબડિયા, ૨૫-૮-૧૯૮૨, ૫'-૧૧''<br>S.S.C., – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>બિલખા (જૂનાગઢ) - વસઈ | (ઘર) ૦૨૫૦૨૩૩૪૭૨૨<br>(મો) ૯૩૨૩૧૭૯૧૦૦ |

## યુવતી

| | | | |
|---|---|---|---|
| ૧) | રૂચી અતુલભાઇ શાહ, ૨૭-૧-૧૯૯૨, ૫'-૦''<br>B.C.A. - | સત્તાવીશ વીશા પોરવાળ દેરા.જૈન<br>વલસાડ – યુ.એસ.એ. | (ઘર) ૦૦૧-૭૩૨૮૧૦૯૬૦૭<br>(યુ.એસ.એ.)<br>(મો) ૯૯૮૭૪૬૪૧૧૨ |
| ૨) | દિપાલી બિપિનચંદ્ર ઝવેરી, ૨૬-૪-૧૯૭૬, ૫'-૦''<br>S.S.C., - (મંગળ-શનિ હળવો છે) | શ્રી સુરત વિશા ઓશવાળ જૈન દેરા.<br>સુરત – અંધેરી | (ઘર) —<br>(મો) ૯૭૬૯૦૫૮૭૧૫ |
| ૩) | જલ્પા જયકાન્તભાઇ શાહ, ૨૨-૧-૧૯૮૫, ૫'-૪''<br>બી.કૉમ. - (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>શિહોર – ગોરેગામ | (ઘર) ૨૮૭૫૭૫૩૫<br>(મો) ૯૩૨૩૩૩૪૩૦૭ |
| ૪) | ડોલી મનુભાઇ શાહ, ૨૨-૪-૧૯૮૮, ૫'-૪''<br>B.Com.,- | ગુજરાત જૈન દેરાવાસી<br>પાટણ – અંધેરી | (મો) ૯૯૨૦૮૫૩૮૫૦<br>(મો) ૯૯૨૦૩૧૭૭૧૬ |
| ૫) | શિખા દેવાંગભાઇ કાપસી, ૫-૧૦-૧૯૮૭ ૫'-૨''<br>B.Com., M.B.A. - | ઝાલાવાડ દશા શ્રીમાળી દેરાવાસી જૈન<br>– ઘાટકોપર | (મો) ૯૩૨૪૦૬૬૪૩૮<br>(મો) ૯૮૨૧૨૨૭૬૩૭ |
| ૬) | ધ્વનિ ભરતકુમાર શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫'-૭''<br>M.Com.,- | શ્રી કઠોર જૈન વિશાશ્રીમાળી જ્ઞાતિ<br>સુરત – ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૨૮૫૨<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૭) | કેજલ મિલિંદ શાહ, ૬-૬-૧૯૯૧, ૫'-૩''<br>M.Com.,- | દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>વિંછીયા – ઘાટકોપર | (મો) ૯૮૨૦૩૬૪૮૬૭<br>(મો) ૯૯૬૭૪૩૩૩૯૭ |

# Our humble effort to reciprocate the society

Smt. Kantaben Chandulal Gandhi
**English School**
Kalyan (Maharashtra)

Shri. Manilal Kasturchand Gandhi
**Gujarati School**
Kalyan (Maharashtra)

Smt. Kantaben Chandulal Gandhi
**Adivasi School**
Karav (Maharashtra)

Shri. Manilal Kasturchand Gandhi
**Secondary School**
Tajpar (Botad - Gujarat)

Smt. Kantaben Chandulal Gandhi
**Higher Secondary School**
Tajpar (Botad - Gujarat)

Shri. Shailesh Chandulal Gandhi
**Institute of Information Technology**
Botad (Gujarat)



जिओ तो ऐसे जिओ,
जी भर के जिओ;
कि हर लम्हा अपना हो,
हर लम्हे में अपने हों।

*C.M.*

एक एहसास....

C. M. Gandhi & Family

C. M. GANDHI CONSTRUCTION PVT. LTD.
KOMPRESS INDIA PVT. LTD.

CMG CONSTRUCTION
Advt.

KOMPRESS
WE CREATE SPACE ON EARTH

Price Rs.5-00
Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26/11/2016
JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2016-2018

Find us on :

www.flamingotravels.co.in

Celebrating 20 years 1996-2016

not just a business, but a philosophy

FLAMINGO®
transworld pvt. ltd.

અમેરિકા

**અમેરીકન ડ્રીમ્સ**
૨૩ રાત્રિ / ૨૪ દિવસ
ટુર ઉપડવાની તારીખ
એપ્રિલ ૨૮ | મે ૫,૧૨,૧૯
જૂન ૨,૯,૧૬,૨૩,૩૦

**અમેરીકન એસેન્સ**
૨૧ રાત્રિ / ૨૨ દિવસ
ટુર ઉપડવાની તારીખ
એપ્રિલ ૨૯ | મે ૬,૧૩,૨૭
જૂન ૧૦

**અમેરીકન એક્સપિરિયન્સ**
૧૫ રાત્રિ / ૧૬ દિવસ
ટુર ઉપડવાની તારીખ
એપ્રિલ ૨૦ | મે ૪,૧૮,૨૫
જુલાઈ ૧૩ | ઓગષ્ટ ૧૦

**અમેરીકન ઈકોસ**
૧૩ રાત્રિ / ૧૪ દિવસ
ટુર ઉપડવાની તારીખ
મે ૧૨ | જૂન ૧૬

યુરોપ

**યુરોપીયન એમીનન્સ**
૨૦ રાત્રિ / ૨૧ દિવસ
ટુર ઉપડવાની તારીખ :
મે ૧,૨૨ | જૂન ૧૯

**યુરોપીયન એપીક**
૧૮ રાત્રિ / ૧૯ દિવસ
ટુર ઉપડવાની તારીખ :
મે ૫,૧૨,૧૯,૨૬ | જૂન ૨,૯,૨૩ | જુલાઈ ૧૪
ઓગષ્ટ ૧૮ | સપ્ટેમ્બર ૧

**યુરોપીયન યુરેકા**
૧૫ રાત્રિ / ૧૬ દિવસ
ટુર ઉપડવાની તારીખ :
એપ્રિલ ૧૭, ૨૯ | મે ૬,૧૩,૨૦,૨૭ |
જૂન ૩, ૧૭ | જુલાઈ ૮, ૨૯ | ઓગષ્ટ ૧૨, ૨૬ |
સપ્ટેમ્બર ૧૬ | ઓકટોબર ૧૭, ૧૯, ૨૧

**યુરોપીયન ઈકોસ**
૯ રાત્રિ / ૧૦ દિવસ
ટુર ઉપડવાની તારીખ
મે ૬, ૨૦ | જૂન ૧૭ | ઓગષ્ટ ૧૨

**યુરોપીયન ડ્રીમ્સ**
૬ રાત્રિ / ૭ દિવસ
ટુર ઉપડવાની તારીખ :
મે ૭, ૧૪, ૨૮ | જૂન ૪, ૨૫ | જુલાઈ ૨, ૨૩
ઓગષ્ટ ૧૩, ૨૭ | સપ્ટેમ્બર ૩, ૨૪
ઓકટોબર ૧૮, ૨૦, ૨૨

**સ્કેન્ડીનેવીયા-રશિયા**
૧૮ રાત્રિ / ૧૯ દિવસ
ટુર ઉપડવાની તારીખ
મે ૩૧ | જૂન ૨૮ | જુલાઈ ૧૯

advistamarcom.com

મુંબઈ ઓફિસ : 905, 9મો માળ, કે.પી. ઔરમ, સેવન હીલ્સ હોસ્પિટલ પાસે, મરોલ મરૂષી રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ
P : 022-66925959 | 66935959
M : PALAK – 7506513313 | VINAY -7506513826
E : mumbaiteam@flamingotravels.co.in

Advt.



Printed & Published by : **SANJAY B. SHAH** on behalf of **JAIN JAGRUTI CENTRE**, Printed at **ARIHANT PRINTING PRESS**, Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : **CHANDRAKANT F. SHAH**